Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:183 Dt.17-05-2021 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# સાવધાન: રાત્રે ત્રાટકશે 'તાઉ-તે'

## વાવાઝોડાની સંભાવનાને પગલે વહીવટી તંત્ર ખડે પગે : સામાજિક અને સેવાકીય સંગઠનોને સહયોગ માટે આગળ આવવા મુખ્યમંત્રી રૂપાણી અપીલ





**૧૮૫ કિ.મી. સુધીની ઝડપે પવન ફુંકાશે: પોરબંદર – મહુવા વચ્ચે રાતના ૮ થી ૧૧ દરમિયાન ટકરાશે: બપોરે ત્રણ વાગ્યા સુધીમાં વાવાઝોડુ વેરાવળ ૨૯૦ કિ.મી દુર**










# અત્યાર સુધીનું સૌથી ભયાનક વાવાઝોડું: દરીયાકાંઠાના વિસ્તારો ખાલી કરાયા

વેરાવળ: તાઉ-તે વાવાઝોડાને લઇ સૌરાષ્ટ્રના દરિયાઇ વિસ્તાર પર સરકાર દ્વારા સતત તંત્ર સાથે મોનિટરિંગ કરી લોકોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી રહી છે. જેમાં ખાસ કરી દરિયાઇ વિસ્તારમાં ૧૦ નંબરનું સિગ્નલ લાગતા લોકોને સાવચેત રહેવા અને સ્થળાંતર કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. સોમનાથમાં ગઇકાલ સાંજ સુધીમાં ૨૫૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જે બાદ આજે ત્રિવેણી રોડ પરના ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને સ્થળાંતર કામગીરી હાથ ધરવામાં આવી છે. કોરોનાના ડર વચ્ચે વાવાઝોડાએ લોકોને ઘરનું ઘર છોડવા મજબૂર કર્યા છે. લોકો માથે પોટલા અને કાંખમાં છોકરા લઇ દહેશત વચ્ચે સુરક્ષિત સ્થળે પહોંચી રહ્યાં છે. આજે વહેલી સવારે દરિયાઇ વિસ્તારમાં ૧૦ નંબરનું મહાભય સિગ્નલ આપવામાં આવતા તંત્ર દ્વારા સોમનાથના ત્રિવેણી રોડ પર આવેલી ૩૫ જેટલી ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા ૧૦૦થી વધુ પરિવારોનું સોમનાથ સંસ્કૃતિ ભવન ખાતે સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ સમયે દિવ્યભાસ્કરની ટીમ પણ સ્થળ પર તંત્રની સાથે પહોંચ્યું હતું. જ્યાં લોકો સવારના સમયે પોતાના પહેરવાના કપડાં અને જરૂરી વસ્તુના પોટલ બાંધી તૈયાર કર્યા હતા અને ઝૂંપડપટ્ટીને તાલપત્રી બાંધી ઘરવખરી પલળે નહીં તે માટે વ્યવસ્થા કરી હતી. લોકો પોતાના નાના બાળકો કાંખમાં લઇ અને માથે પોટલા તેમજ હાથમાં થેલા લઇ પગપાળા સલામત સ્થળે જતા નજરે પડ્યા હતા. મામલતદાર ચાંદેગરાના જણાવ્યા મુજબ સરકારની સૂચના મુજબ સ્થળાંતરની કામગીરી કરવામાં આવી રહી છે. જેમને રહેવા-જમવા સહિતની તમામ વ્યવસ્થા કરી દેવામાં આવી છે સાથે જ કોવિડ ગાઇડલાઇનનું પાલન કરી લોકોને સહી સલામત રીતે પોલીસને સાથે રાખી સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે.

# ગુજરાતમાં એનડીઆરએફની ૪૪ ટીમ તૈનાત: સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**


રાજકોટ, તા.૧૭

મધરાતે સૌરાષ્ટ્રના સાગર કાંઠે તાઉ-તે નામનું ભયાનક વાવાઝોડું પોરબંદરથી દિવ વચ્ચેના સૌરાષ્ટ્રના સાગર કાંઠે ત્રાટકશે તેવી હવામાન ખાતાની આગાહીના પગલે સામગ્ર પ્રશાસન ભયાવહ ગતીથી ધસમસી રહેલા વાવાઝોડાને ભરી પીવા માટે એકદમ સજ્જ, સાવધ અને સર્તક બની ગયું છે. આજે ગુજરાત સરકારની ખાસ બેઠક યોજાઇ હતી અને રાહત તથા બચાવની કામગીરીની સમીક્ષા કરી સાગર કાંઠે રાહત અને બચાવ માટેના અત્યાર સુધીમાં લેવાયેલા આગોતરા પગલા અંગે સઘન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર અને ગુજરાતના કાંઠે આગમચેતીના પગલા યુધ્ધના ધોરણે લેવામાં આવી રહયા છે. હવામાન ખાતાએ ગુજરાત અને દિવ-દમણ માટે યલો એલર્ટ જાહેર કર્યુ છે.

બપોર સુધી મળતા છેલ્લા અહેવાલો મુજબ ચક્રવતી ઝંઝાવાત હાલ વેરાવળથી ૨૪૦ કિલોમીટર દુર હોવાનું અને ૧૬૦ થી ૧૮૫ કિલોમીટર પ્રતિકલાકની ભયાનક ઝડપથી ગુજરાત અને સૌરાષ્ટ્રના કાંઠા તરફ ધસી રહયું હોવાનું હવામાન ખાતાએ જાહેર કર્યુ હતું. ઝંઝાવાતની અસરને પગલે રાજયનું હવામાન એકદમ પલટાઇ ગયું છે. સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં બપોર પછી ભારે વરસાદ થવાની શકયતા છે અને તોફાની પવન ફુંકાવવાની ભીતી સેવાઇ છે. લોકોને સાવધ અને સુરક્ષીત રહેવા સરકાર દ્વારા અપીલ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં રાજયના દરીયા કાંઠાના

(અનુ.પાના નં.૫ ઉપર)

# કર્ણાટક-ગોવામાં વાવાઝોડાથી ૧૧નાં મોત



## કેરળ અને મહારાષ્ટ્રમાં પણ ભારે વર્ષાથી નુકશાન: મુંબઇ એરપોર્ટ બંધ, બાંદ્રા-વરલી સી લીંક રોડ બંધ કરાયો

મુંબઇ, તા.૧૭

દેશના પશ્ચિમ સાગર કાંઠા તરફ ધસમસી રહેલા તોઉ-તે વાવાઝોડાએ કર્ણાટક અને ગોવાના કાંઠેથી પસાર થતા થતા ભારે વિનાસ અને પાઇમાલીના દ્રશ્યોની વણઝાર સર્જી દીધી હતી. ગોવા, કર્ણાટક, કેરળ અને મહારાષ્ટ્રમાં ઝંઝાવાતી પવન અને ભારે વરસાદને કારણે કુલ ૧૧ લોકોના મૃત્યુ થયાનું નોંધાયું છે. ગોવામાં ૫૦૦ મકાનોને નુકશાન થયું છે,

(અનુ.પાના નં.૫ ઉપર)




વેરાવળ સહિતના બંદરો પર ૧૦ નંબરનું સિગ્નલ લાગ્યું

# મહા સંકટ સામે તંત્રની મહાસજ્જતા

| |
|---|
| તબાહી અને વિનાસ નિવારવા એનડીઆરએફની ૪૨ ટીમ ગોઠવાઇ |
| આરમી નેવી, એરફોર્સ અને કોસ્ટગાર્ડ ખડે પગે |
| રાજયમાં ૬૬૮ ગામોમાંથી અંદાજે ૧ લાખ લોકોનો સ્થળાતર |
| ૧૬૧ આઇસીયુ એમ્બ્યુલન્સ તૈનાત |
| ૧૦૮ની ૫૭૬ ટીમો અસરગ્રસ્ત જિલ્લાઓમાં ગોઠવાઇ |
| દરીયા કાંઠાના વિસ્તારોમાંથી સેંકડો હોર્ડીસ અને મહાકાય બેનર ઉતારી લેવાયા |
| રાજયભરમાં હોસ્પિટલો અને કોવિડ સેન્ટરોમાં વિજ પુરવઠો જાળવવા ૧૩૮૩ પાવર બેકઅપ |
| જામનગર, વેરાવળ, જાફરાબાદ, પોરબંદર સહિતના બંદરો પર અતિભય સુચક ૧૦ નંબરના સિંગનલ |
| માછીમારોને દરીયામાં ન જવા ચેંતવણી |
| એનડીઆરએફ ઉપરાંત એસડીઆરએફની ટીમો તૈનાત |
| રાજયના ૨૧ જિલ્લાઓના ૮૪ તાલુકાઓમાં તોફાની પવન સાથે ભારે વરસાદ શરૂ |
| સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કુલ ૪૫૬ ડીવોટરીંગ પમ્પ ગોઠવાયા |
| હોસ્પિટલોમાં ઓક્સિજન પૂરવઠો સતત વિના વિઘ્નને મળે એ માટે ૩૪ ગ્રીન કોરીડોર રચાયા |
| જામનગર, અમરેલી, પોરબંદર, દ્વારકા, ભાવનગરના દરીયા કાંઠાઓ પર સૌથી વધુ જોખમ |
| પ્રતિ કલાક ૮૦થી ૧૫૦ કિલોમીટરની ઝડપે ઝંઝાવાટી પવન ફુંકાવવાની શકયતા |
| દરીયામાં પ્રચંડ અને આકાશી ઉંચાઇના મોજા ઉછડવાની સંભાવના |
| આગામી ત્રણ દિવસ સુધી દરીયા કાંઠે હેરફેર ન કરવા લોકોને તાકિદ |
| ૨૭૬૯ જેટલા મહાકાય હોર્ડીંગસ દુર કરતા સ્થાનિક તંત્ર વાહકો |
| ૬૬૮ જેટલા હંગામી નબળા બાંધકામો દુર કરાયા |

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૩૦ ગામોમાં અંધારપટ : ૫૦થી વધુ થાંભલા ધરાશાયી

**અનેક સ્થળે જમ્પરો-ટ્રાન્સફોર્મરો ઉડયા: વીજ ટીમોની રાઉન્ડ ધ કલોક કામગીરી**

રાજકોટ તા. ૧૭

વાવાઝોડાની પ્રાથમિક અસરે જ વીવ તંત્રને ગઇ રાતથી દોડધામ કરાવી દિધી છે, આજે સવારે ૯ વાગ્યાના રીપોર્ટ મુજબ સૌરાષ્ટ્ર-કચ્છના ૨૩૦ ગામોમાં લાઇટો ગૂલ થઇ ગઇ છે, જેમાં સૌથી વધુ સુરેન્દ્રનગર પંથકના ૧૫૦ ગામોનો સમાવેશ થાય છે. ગઇકાલે રાત્રે ૮૦ થી ૯૦ કી. મી.ની ઝડપે અમૂક જીલ્લામાં ફૂંકાયેલા પવનને કારણે શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ૫૦થી વધુ થાંભલા પડી જતા ટીમો દોડી ગઇ છે, હાલ ગ્રામ્ય-શહેરી વિસ્તારના મોટાભાગના ફીડરો ચાલુ છે,

# જીવન ચીજની કિટ બનાવી રાખો, એસએમએસથી સંપર્કમાં રહો, વિજ તારથી દુર રહો

## વહીવટી તંત્ર દ્વારા લોકોને માર્ગદર્શન, મહા આફત આવે એ પહેલા સજ્જતા જરૂરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

સૌરાષ્ટ્ર અને ગુજરાતના દરીયા કાંઠે તૌઉકતે વાવાઝોડું ભયાનક ગતીથી આગળ વધી રહયું છે ત્યારે મહા આફત પહેલા લોકોને સજ્જતા અને સાવધાની કેળવવા માટે જિલ્લા વહીવટી પ્રશાસનો દ્વારા માર્ગદર્શન બહાર પાડવામાં આવ્યું છે.

લોકોને અપીલ કરવામાં આવી છે કે, એસએમએસથી એક-બીજા સંપર્કમાં રહે, ઘરમાં જીવન જરૂરી વસ્તુઓની એક જુદી કીટ બનાવી રાખવામાં આવે, ઇમરજન્સી લાઇટ-મીણબત્તીઓ હાથ વગા રાખવાની વ્યવસ્થા કરવામાં આવે, અગાસી ઓ અને ધાબાઓ પરથી નીચે પડી જાય તેવી ભારે વસ્તુઓ-કુંડા વગેરે રાખ્યા હોય તો ઉતારી લેવામાં આવે, વિજ તાર અને થાંભલાથી દુર રહેવામાં આવે, કાચા અને નબળા મકાનોની આડસમાં ઉભા રહેવાથી સાવધાની રાખવામાં આવે, જયારે પણ કોઇ સંકટ દેખાય ત્યારે તાત્કાલીક નજીકના સત્તાવાળાઓના હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરવામાં આવે એ જરૂરી છે. ઝંઝાવાતી પવન શરૂ થાય ત્યારે વૃક્ષો અને કાચા મકાનોની આડસમાં ઉભા રહેવાથી લોકો દુર રહે, જો અતિ ભારે વરસાદથી પાણી ભરાવા લાગે તો તાત્કાલીક મનપા તંત્રને જાણ કરવામાં આવે, કોઇપણ પ્રકારની બેદરકારીથી રાખવી નહીં તેવી તમામ લોકોને તાકિદ કરવામાં આવી છે. પાણી ભરાઇ તો ડીવોટરીંગ પમ્પની મદદ માટે તાત્કાલીક લાગતા વળગતા તંત્રને જાણ કરવામાં આવે, વરસાદ પડે ત્યારે નહાવા માટે ટોળાબંધ બહાર નીકળવાથી બીલકુલ દુર રહેવું કારણ કે તેનાથી રાહત અને બચાવની કામગીરીમાં અડચણો ઉભી થઇ શકે છે. આ તમામ સુચનાઓનું ચુસ્ત પણે અમલ કરવા માટે શહેરીજનો અને ગ્રામ્યવાસીઓને તાકિદ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## WhatsApp કરો
## તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

# વાવાઝોડાની રાજકોટમાં અસર : ભારે પવન સાથે વરસાદ, વૃક્ષો ધરાશાઇ









## ભક્તિનગર સર્કલ નજીક ટેસ્ટિંગ બુથ તોફાની પવનના કારણે તૂટી પડ્યું: સૌરાષ્ટ્રભરમાં વરસાદી માહોલ, કાળા ડિબાંગ વાદળોથી આકાશ ઘેરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**રાજકોટ.તા.૧૭: તાઉ-તે વાવાઝોડું સૌરાષ્ટ્રના દરિયાઇ વિસ્તારમાં ટકરાવવાની દહેશત વચ્ચે સૌરાષ્ટ્ર વિસ્તારમાં બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. જેના પગલે આજે રાજકોટ શહેરમાં સાંજના ૮ વાગ્યા બાદ તોફાની પવન સાથે વરસાદી છાંટા શરૂ થયા છે. વરસાદી છાંટા શરૂ થતાની સાથે જ ૧૫૦ ફૂટ રિંગ રોડ, જંકશન, રૈયા રોડ સહિત મોટાભાગના વિસ્તારમાં વીજળી ગુલ થઈ ગઈ છે. કોરોના ટેસ્ટિંગ માટે બનાવવામાં આવેલું ટેસ્ટિંગ બુથ પણ તોફાની પવનના કારણે ઉડી ગયું હતું. તોફાની પવન શરૂ થતાં સાથે શહેરમાં અનેક જગ્યાએ વૃક્ષ ધરાશાઈથવાની ઘટનાઓ પણ બની છે. શહેરના ભક્તિનગર સર્કલ નજીક રૂપાલી સ્ટુડિયો સામે આવેલું બીલીપત્રનું વૃક્ષ ધરાશાઈ થયું હતું. જ્યારે કે કોરોના ટેસ્ટિંગ માટે બનાવવામાં આવેલું ટેસ્ટિંગ બુથ પણ તોફાની પવનના કારણે ઉડી ગયું હતું. રેસકોર્સ મેદાન સ્થિત ડ્રાઇવ થ્રુ ટેસ્ટિંગ બુથ પણ ભારે પવનને લીધે તૂટી પડ્યું હતું, આ સિવાય શહેરના અનેક હેલ્પ ડેસ્ક તેમજ રજિસ્ટ્રેશન બુથ સહિત ટેસ્ટિંગ બુથ તોફાની પવનના કારણે તૂટી પડ્યાં હતા.

(તસવીરઃ દિલીપ ગોહેલ)

## 'તાઉ-તે' વાવાઝોડા સંદર્ભે રાજકોટમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનો કંટ્રોલરૂમ શરૂ

### મ્યુનિ, કોર્પોરેશન અને ફાયર બ્રિગેડનો ટોલ ફ્રી નંબર જાહેર

રાજકોટ : તૌકતે વાવાઝોડા સંદર્ભે રાજકોટમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનો કંટ્રોલરૂમ શરૂ કરાયો છે અને મ્યુનિ, કોર્પોરેશન અને ફાયર બ્રિગેડમો ટોલ ફ્રી નંબર જાહેર કર્યો છે સાથે કોવીડ હેલ્પલાઇન પણ કાર્યરત છે અને તાલુકા કંટ્રોલ રૂમ પણ શરૂ કરાયો છે ડિઝાસ્ટર કંટ્રોલરૂમ ૦૨૮૧-૨૪૭૧૫૭૩, ટોલફ્રી ૧૦૭૭ ,રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ૦૨૮૧-૨૪૫૦૦૭૭ અને ફાયર બ્રિગેડ ૦૨૮૧-૨૨૨૭૨૨૨ ટોલ ફ્રી ૧૦૧ જ્યારે કોવીડ હેલ્પ લાઈન માટે મોં, ૯૪૯૯૮ ૦૪૦૩૮ , ૯૪૯૯૮ ૬૪૮૬ , ૯૪૯૯૮ ૦૧૩૩૮ , ૯૪૯૯૮ ૦૬૮૨૮ અને ૯૪૯૯૮ ૦૧૩૮૩ જાહેર કરાયો છે

આ ઉપરાંત રાજકોટ તાલુકા કંટ્રોલ રૂમ માટે રાજકોટ ૦૨૮૧-૨૪૭૯૬૬૪ , ઉપલેટા ૦૨૮૨૬-૨૨૧૪૫૮ , કોટડાસાંગાણી ૦૨૮૨૭-૨૭૬૨૨૧ , ગોંડલ ૦૨૮૨૫-૨૨૦૦૯૩ , જેતપુર ૦૨૮૨૩-૨૨૦૦૦૧, પડધરી-૦૨૮૨૦-૨૩૩૦૫૯ , લોધીકા ૦૨૮૨૭-૨૪૪૨૨૧ અને વિછિયા ૦૨૮૧ ૨૭૩૪૩૨ નો સંપર્ક કરી શકાય છે

## 'તાઉ-તે' સામે પીજીવીસીએલ તંત્ર એલર્ટઃ ૫૮૫ ટીમ તૈનાત

### ઊર્જામંત્રી રાજકોટમાં કંટ્રોલરૂમનું મોનિટરિંગ કરશેઃ ૬૬ કે.વી.ના ૧૫૦ સબ સ્ટેશનમાં વોટરપંપ રખાયા, કર્મચારીઓ સ્ટેન્ડ ટુ રહેશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૭

તાઉ-તે વાવાઝોડું સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ટકરાવવાની દહેશતના પગલે દરિયાઇ વિસ્તારના ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. જે રીતે ચક્રવાત ધીમે ધીમે સૌરાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે તેમ તેમ તંત્ર એક્શન મોડમાં આવી રહ્યું છે. હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખી તકેદારીના ભાગરૂપે સમુદ્ર કિનારેથી નજીકના અને નીચાણવાળા ગામોને તંત્ર દ્વારા એલર્ટ આપી દેવામાં આવ્યું છે. વીજપુરવઠો ખોરવાય નહીં તે માટે પીજીવીસીએલની ૫૮૫ ટીમ તૈનાત કરી દેવામાં આવી છે. તેમજ ઊર્જામંત્રી સૌરભ પટેલ રાજકોટમાં આવી ચૂક્યા છે અને અહીંથી જ પીજીવીસીએલ કંટ્રોલરૂમનું મોનિટરિંગ કરશે.

સૌરાષ્ટ્રમાં ૩૯૧ કોવિડ હોસ્પિટલમાં બેકઅપ આપવામાં આવ્યો- સૌરભ પટેલ રાજકોટમાં ઊર્જામંત્રી સૌરભ પટેલે સૌરાષ્ટ્રના તમામ જિલ્લામાં એન્જિનિયરો સાથે વીડિયો કોન્ફરન્સ કરી હતી. ૧૨ જિલ્લામાં અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરવામાં આવી હતી. બાદમાં પ્રેસ કોન્ફરન્સ સંબોધી જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટરોની ટીમ, જેટકો અને પીજીવીસીએલની ટીમ તૈનાત કરવામાં આવી છે. ૨૯૧ પીજીવીસીએલની અને ૨૯૪ કોન્ટ્રાક્ટરોની ટીમના ૨ હજારથી વધુ કર્મચારીઓ સૌરાષ્ટ્રમાં તૈનાત કરાયા છે. વીજપોલ, કેબલ અને ટ્રાન્સફોર્મર જરૂરિયાત મુજબ તમામ સ્ટોર સુધી પહોંચાડી દેવામાં આવ્યા છે. કોવિડ હોસ્પિટલ અને ઓક્સિજન પ્લાન્ટમાં બેકઅપ આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રમાં ૩૯૧ કોવિડ હોસ્પિટલ છે. આ તમામમાં બેકઅપ આપી દેવામાં આવ્યું છે.

વધુમાં જણાવ્યું હતું કે, હોસ્પિટલોમાં વીજળીની કોઇ તકલીફ ન પડે તે માટે ખાસ ટીમ બનાવી જવાબદારી સોંપવામાં આવી છે. ૧ લાખ વીજપોલ, કંડક્ટર ૨૫ હજાર, ટ્રાન્સફોર્મર ૨૦ હજાર નંગ, એલટી કેબલ ૪૦૦ કિમી સૌરાષ્ટ્રના સ્ટોરમાં પહોંચાડવામાં આવ્યા છે. તમામ સર્કલ ઓફિસર સાથે સતત સંપર્કમાં રહી કામગીરી કરવામાં આવી છે. ડેન્જર પરિસ્થિતિ થશે તો જ વીજ પુરવઠો બંધ કરવામાં આવશે. અન્યથા કોઇ જગ્યા પર વીજ પુરવઠો બંધ કરવામાં નહિ આવે. સૌરાષ્ટ્રમાં કોઇ કોવિડ હોસ્પિટલમાં મુશ્કેલી ન સર્જાય તેની કાળજી રાખવામાં આવશે.

## તૌકતેના જોખમને કારણે સૌરાષ્ટ્રની ૫૬ ટ્રેનો રદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૭



ગુજરાતમાં આવનાર સંભવિત તૌકતે વાવઝોડાને ધ્યાનમાં રાખીને શનિવારે પશ્ચિમ રેલ્વે એ સાવચેતીના ભાગ રૂપે ૨૧ મે સુધી ૫૬ ટ્રેન રદ કરી હતી. કેટલીક ટ્રેનો પશોર્ટ-ટર્મિનેટેડથ હતી, જેનો અર્થ છે કે અંતિમ સ્ટેશન પહેલાં તેમની યાત્રા સમાપ્ત થશે. બધી રદ થયેલી ટ્રેનો સૌરાષ્ટ્ર ક્ષેત્રના શહેરોમાંથી ઉપડે છે અથવા તેનુ તે શહેર અંતિમ સ્ટેશન છે.

ડબલ્યુઆરએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૫ મેના રોજ ૩, ૧૬ મેના રોજ ૧૧, ૧૭ મેના રોજ ૨૨, ૧૮ મેના રોજ ૧૩, ૧૯ ના રોજ ૫ અને ૨૦ અને ૨૧ મેના રોજ એક-એક ટ્રેન રદ કરવામાં આવી છે.આમાંથી મોટાભાગની ટ્રેનો ભુજ, પોરબંદર, ગાંધીધામ, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વેરાવળ અને ઓખા જેવા શહેરોમાં સમાપ્ત થાય છે. ગૃહ મંત્રાલયની એડવાયઝરી મુજબ ચક્રવાતને ધ્યાનમાં રાખીને રેલવે અને માર્ગ સેવાઓને એલર્ટ પર રહેવા જણાવ્યું છે.

**ફૂડ પેકેટ સહિતની તૈયારીઓ અંગે તંત્ર એક્શન મોડમાં**


## વાવાઝોડાની અસરો સામે સાવચેતી રાખવા શહેરીજનોને રાજકોટ મનપાની અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૭

આગામી સમય દરમ્યાન તૌકતે વાવાઝોડાની મહતમ અસર સૌરાષ્ટ્રના વિસ્તારોમાં થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ સંભવિત પરિસ્થિતિમાં શહેરમાં વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. જેની સાથે શહેરીજનોએ પણ કાળજી રાખવી જરૂરી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નગરજનોને તૌકતે વાવાઝોડા સામે ગભરાહટમાં ન આવવા અને વધુ સતર્ક રહેવા અપીલ કરવામાં આવે છે. આ ઉપરાંત લોકોને અન્ય કેટલીક બાબતો અંગે પણ વિશેષ કાળજી લેવા ખાસ અનુરોધ કરાવામાં આવેલ છે જેમાં વૃક્ષની નીચે વાહનો ન રાખવા. અગાસીની કિનારી પર રાખવામાં આવેલ કુંડા વિગેરે નીચેના ભાગે ધાબા પર રાખી દેવા. શક્ય હોય ત્યાં સુધી અગાસી પર રાખેલા પ્લાસ્ટિક સીટ / પતરા સુવ્યવસ્થિત કરી દેવા, અકસ્માતે પવનથી ઉડતા જાનહાની નિવારી શકાય. ચાલુ વાહન હોય તો ગાડીના કાચ બંધ રાખવા. આવા સમયે બે પૈડાવાળા વાહન લઈને બહાર ન જવા, ઘરનો વીજ પુરવઠો ખોરવાઈ જવાની દહેશત હોય, મીણબત્તી - ટોર્ચ હાથવગા રાખવા, તંત્ર સામે બિનજરૂરી ફરિયાદ ન કરવી. અતિ આવશ્યક હોય તો જ ઘરની બહાર જવું. રેગ્યુલર દવા લેતા દર્દીઓએ દવા ખૂટે નહી તે માટે આગોતરી જરૂરી દવાઓ ઘરમાં લઇ લેવી. પીવાના પાણીનો પુરવઠો વ્યવસ્થિત કરી લેવો. બિનજરૂરી બહાર ન જવું વિગેરે અંગે સતર્કતા દાખવવી જરૂરી છે. વિશેષમાં અનેક લોકોએ પોતાના મકાનો ઉપર સોલાર પેનલ રાખેલી હોય છે જે ભારે પવનમાં ઉડે નહી તે માટે થોડો સમય ઉતારી લેવી જોઈએ તેમજ અગાસી પર રહેલી પાણીની ટાંકી ભરેલી જ રાખવી જોઈએ. ખાલી ટાંકી ભારે પવનમાં ઉડવાની શક્યતા રહે છે.



### ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના તમામ ફાયર સ્ટેશન સ્ટેન્ડ ટુ મોડમાં : મ્યુ. કમીશનર

વાવાઝોડા દરમ્યાન સામાન્ય રીતે ઝાડ પડવા કે ઇલેક્ટ્રિક લાઈનો અને થાંભલાને નુકસાન થવાની શક્યતાઓ હોય છે ત્યારે આ સંભવિત પરિસ્થિતિને નજર સમક્ષ રાખી મહાનગરપાલિકાએ ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગ અને રોશની વિભાગને સતર્ક કરેલ છે અને આવશ્યકતા અનુસાર પી.જી.વી.સી.એલ. સાથે સંકલનમાં રહીને જરૂરિયાત મુજબ કામગીરી હાથ ધરવામાં આવશે. ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગના તમામ ફાયર સ્ટેશન સ્ટેન્ડ ટુ મોડમાં છે.

## વાવાઝોડા પહેલા આટલું અવશ્ય કરશો

અફવાઓ ધ્યાન ઉપર લેશો નહિ, હાંફળા-ફાંફળા ન થશો અને ડરશો નહિ કે ડર ફેલાવશો નહિ
તમારા મોબાઈલ ફોન્સને પૂરતા ચાર્જ કરી રાખશો, શક્ય હોય ત્યાં સુધી એસએમએસથી સંદેશ પાઠવશો
આ વાવાઝોડા અંગેની હવામાન ખાતાની છેલ્લામાં છેલ્લી માહિતી મેળવવા માટે સતત રેડિયો સાંભળતા રહો,
અતમારી કિંમતી ચીજવસ્તુઓ અને દસ્તાવેજોને વોટર પ્રુફ બેગ્સમાં સાચવીને મૂકી દો
અજીવનોપયોગી ચીજવસ્તુઓની એક કીટ બનાવી રાખો જે અણીના સમયે અને સલામતી માટે કામ લાગે
તમારું ઘર મજબૂત અને સલામત હોય તે જરૂરી છે. જો સમારકામની આવશ્યકતા હોય તો તે તત્કાલ કરાવી લો.
વળી, કોઈ ધારદાર ચીજવસ્તુઓ છૂટી રાખશો નહિ
ઢોરઢાંખરની સલામતી માટે તેમને બાંધલા ન રાખશો, ખીલેથી છુટ્ટા મુકો
વાવાઝોડા વખતે અને વાવાઝોડા બાદ આ બાબતો ધ્યાને લેશો

### ઘરની અંદર :

વીજળી અને વીજાણુ ઉપકરણો તથા ગેસની પાઈપલાઈનની મુખ્ય સ્વીચ બંધ રાખો
બારી-બારણાઓ બંધ રાખો
જો તમારું ઘર/મકાન સલામત ન હોય તો વાવાઝોડું આવે તે પહેલા જ અન્ય સલામત સ્થળે ચાલ્યા જાઓ
ગરમ-ઉકાળેલું અથવા ક્લોરીનયુક્ત પાણી જ પીવાનો આગ્રહ રાખો
વાવાઝોડા અંગેની માત્ર સત્તાવાર માહિતી ઉપર જ વિશ્વાસ રાખો

### ઘરની બહાર :

તૂટેલા અથવા જર્જરિત મકાનોની આસપાસમાં પ્રવેશશો નહિ કે તેની નજીકમાં ઉભા રહેશો નહિ
અ તૂટેલા વીજતાર કે વીજથાંભલાઓથી સલામત અંતર રાખશો. કોઈ ધારદાર ચીજવસ્તુઓથી પણ દૂર રહેશો
અ સલામત આશ્રયસ્થાન શોધીને ત્યાં શરણ લેશો

**માછીમાર/સાગરખેડુઓ માટે :**

રેડીયો સેટ વધારાની ચાર્જ કરેલી બેટરી સાથે તૈયાર અને હાથવગી રાખે
તમારી બોટ/વહાણ અને તરાપા કોઈ સલામત સ્થળે યોગ્ય રીતે મજબૂતાઈથી બાંધીને રાખો

## રાજકોટમાં ૧ હજારથી વધુ બોર્ડ - બેનરો દુર કરતુ મ.ન.પા.


રાજકોટ તા. ૧૭ :

તૌકતે વાવાઝોડાની સંભવિત અસરો આગામી તા.૧૭ અને તા. ૧૮ દરમ્યાન તેજ રફતાર સાથે પવન અને ભારે વરસાદ જોવા મળી શકે છે, અને વાવાઝોડાની સૌથી તીવ્ર અસર હોવાનું હવામાન ખાતું જણાવે છે ત્યારે મહાનગરપાલિકાએ શહેરમાં વાવાઝોડા પૂર્વે હાથ ધરવાની થતી કામગીરીમાં ભયજનક હોર્ડીંગ્ઝ, વૃક્ષો અને ઈમારતો સામે અસરકારક પગલાંઓ લેવાની મ્યુનિ. કમિશનરશ્રીએ અધિકારીઓને સૂચના આપેલ છે. જે કોઈ હોર્ડીંગ જરા પણ અસલામત જણાય તેને તાત્કાલિક ઉતારી લેવા તેમજ તમામ સિનિયર અધિકારીઓને આજથી ફિલ્ડવર્કમાં ઉતારી દેવામાં આવ્યા છે. વાવાઝોડા સામે આજથી જ યુધ્ધના ધોરણે કામગીરી કરવા સૂચના આપી દેવામાં આવી છે. સાંજ સુધીમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૦ મોટા હોર્ડિંગ્સ અને ૯૮૫ થી વધુ રોડ વચ્ચેના બોર્ડ બેનરો દૂર કરવામાં આવ્યા હતા.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, બાંધકામ સાઇટ્સ ખાતે ખુ[illegible] પડેલ માલ-સામાન યોગ્ય સ્થળે ખસેડી લેવો, ભારે વરસાદ પડવાની શક્યતાને પગલે જ્યાં જ્યાં પાણી ભરવાના પ્રશ્નોનું નિરાકરણ કરવું તેમજ નીચાણવાળા વિસ્તારોના લોકોનું સ્થળાંતર અને તેમના માટે આવશ્યક ફૂડ પૈકેટ્સ તૈયાર રાખવા સૂચના અપાઈ છે. શહેરીજનોને કામ વગર બહાર ન નીકળવુ જોઈએ. શહેરની વોટર વર્કસ સિસ્ટમ ડિસ્ટર્બ ના થાય તે માટે ઇલે. ફીડરની યાદી ડ્રાસ્ટઈક ને આપવા અંગે પણ મ્યુનિ. કમિશનરશ્રીએ સંબધિત અધિકારીઓને જણાવ્યું હતું.



## વાવાઝોડા સંદર્ભે કોઈપણ પરિસ્થિતીનો સામનો કરવા રાજકોટ સુસજ્જઃ કલેકટર



### વાવાઝોડાની પરિસ્થિતીમાં ઘરમાં જ રહેવા કલેકટર રેમ્યામોહનની લોકોને અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૧૭

આવતીકાલથી સૌરાષ્ટ્રના વિસ્તારમાં સંભવિત આવનાર વાવાઝોડા સંદર્ભે કોઇપણ પરિસ્થિતિનો સામનો કરવા રાજકોટ વહિવટીતંત્ર સુસજ્જ છે આથી લોકોએ આ બાબતે ભય રાખવાની જરૂર નથી તેમ આશ્વસ્ત કરતા જીલ્લા કલેકટર રેમ્યા મોહને જણાવ્યુ હતું.

વાવાઝોડાનો સામનો કરવા રાજકોટ વહિવટીતંત્ર દ્વારા કરાયેલ તમામ તૈયારીઓ ની વિગતો આપતા કલેકટર એ જણાવ્યું હતું કે તમામ તાલુકાઓમાં લાયઝન અધિકારીઓને ફરજ સોંપાય ગયેલ છે. હાલ કોરોના મહામારીનો સમય ચાલી રહ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લાની તમામ સરકારી અને ખાનગી હોસ્પીટલોને ઓકસીજન સપ્લાયનો પુરવઠો સતત મળી રહે તેમજ કોઇ જ મુશ્કેલી ન પડે તે માટેની ખાસ વ્યવસ્થા કરાઇ છે. ઓકસીજન પ્લાન્ટમાંથી ઓકસીજનના પુરવઠાનું પરિવહન કરતા ટેન્કરોને પણ અડચણો ન આવે તે માટે ખાસ ગ્રીન કોરીડોરની વ્યવસ્થા કરાઇ છે. જેમાં જિલ્લાના હાઇ-વે, માર્ગ અને મકાન (રાજય તથા પંચાયત) પોલીસ અને વનવિભાગને રોડ કલિયર રાખવા સુચીત કરાયા છે. આ ઉપરાંત તમામ ૭૮ શહેરી અને ૧૩ ગ્રામ્ય કોવીડ હોસ્પીટલમાં વીજપુરવઠો જળવાઇ રહે તે માટે ખાસ જનરેટરો પણ ઉપલબ્ધ કરાવાયા છે.

તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો પર દવાઓનો પુરતો સ્ટોક ઉપલબ્ધ કરાવાયો છે. ગ્રામ્ય વિસ્તારના ૩૪ જેટલા ગામોના કુલ ૨૦૦૦ થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી ચાલુ કરી દેવાઇ છે. સગર્ભા મહિલાઓને પણ સલામત સ્થળે શીફ્ટ કરવા સુચના અપાઇ છે.

આ તકે તેઓએ લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરતા જણાવ્યું હતું કે સાવચેતી એ જ સલામતી સૌ લોકો ઘરમાંજ રહે અને સલામત રહે તે જરૂરી છે. શહેર ના જુદાજૂદા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારમાં ઉભા કરાયેલા હોર્ડીંગ્ઝને કારણે કોઇ અકસ્માત ન સર્જાય તે માટે હાઇ-વે, માર્ગ અને મકાન (રાજય તથા પંચાયત) તથા નગરપાલીકાઓને સુચના અપાઇ છે. તેઓએ ખાસ કરીને વાડી વિસ્તારમાં વસતા લોકો ગામમાં સલામત સ્થળે આશ્રય લેવા અપીલ કરી હતી. ભારે વરસાદની શકયતાઓને લઇને નદી ના પટ કે નીચાણ વાળા પુલો પરથી અવરજવર ન કરવા તાકીદ કરી હતી. તેઓએ ઉમેર્યું હતુ રાજકોટની આસપાસના જિલ્લાને પણ જરૂર પડયે સહાયતા કરવા જિલ્લા વહિવટીતંત્ર તૈયાર છે.

વાવાઝોડાની આગાહી સંદર્ભે આગામી તા. ૧૭, ૧૮, ૧૯ મે ના રોજ કુદરતી આપત્તિની પરિસ્થિતિને પહોંચી વળવા લેવાના થતા આગોતરા પગલાં ભાગરૂપે જિલ્લામાં આવેલ તમામ રાજ્ય સરકારની કચેરીઓના તમામ અધિકારીઓ, કર્મચારીઓ, આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા મેડિકલ/ પેરામેડિકલ સ્ટાફ, ટેકનિકલ સ્ટાફ, પીજીવીસીએલ તેમજ તમામ બોર્ડ નિગમ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના કર્મચારીઓએ કોઇપણ અધિકારી/કર્મચારી હાલ રજા ઉપર હોય તો અનિવાર્ય અને તબીબી કારણોસરની રજાઓ સિવાય તમામની રજા રદ કરવા કલેકટર રેમ્યા મોહન દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

### તમામ સરકારી કચેરીઓના કર્મચારીઓની રજા રદ, કાર્યમથકમાં હાજર રહેવા કલેકટરનો હુકમ

વિશેષમાં આગામી તા. ૧૭ થી ૧૯ દરમિયાન તમામ અધિકારીઓ, કર્મચારીઓએ કાર્ય મથકમાં હાજર રહેવા તેમજ પુર્વમંજુરી સિવાય કોઇપણ પ્રકારની રજા મંજૂર નહીં કરવા તેમજ કાર્ય મથક નહીં છોડવા સંબંધ કરતા તમને સૂચિત કરવામાં આવે છે. આ હુકમનો ભંગ થવાના પ્રસંગે કે ફરજમાં ચુક કે બેદરકારીના પ્રસંગે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમ જિલ્લા કલેકટરની યાદીમાં જણાવાયું છે.

# તંત્રી સ્થાનેથી...

## દેશમાં દૈનિક કોરોના કેસોમાં ઘટાડો

દેશમાં કોરોના સંક્રમણના નવા કેસમાં ૩ દિવસથી ઘટાડો જોવા મળી રહ્યો છે પરંતુ કોવિડ દર્દીના મોતનો સીલસીલો યથાવત છે. દિલ્હી અને મહારાષ્ટ્રમાં કોરોનાના નવા કેસ ઘટ્યા છે પરંતુ મોતનો આંકડો વધી રહ્યો છે. દક્ષિણ ભારતમાં કોરોનાના પોઝિટિવ કેસ હજુ પણ જોવા મળી રહ્યા છે. કેરળ અને કર્ણાટક સહિત દક્ષિણ ભારતના કેટલાક રાજ્યમાં કોરોનાના દર્દીની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા તાજા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના સંક્રમણના નવા ૩,૧૧,૧૭૦ દર્દીઓ નોંધાયા છે. આ સાથે દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૨,૪૬,૮૪,૦૭૭ પર પહોંચ્યો છે. જ્યારે ૩૬,૧૮,૪૫૮ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. કોરોનાથી એક દિવસમાં ૩,૬૨,૪૩૭ દર્દીઓ સાજા થયા છે અને આ સાથે કુલ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૨,૦૭,૯૫,૩૩૫ થઈ છે. જો કે સૌથી ચિંતાજનક કોઈ વાત છે તો તે છે મોતનો આંકડો. એક દિવસમાં કોરોનાથી ૪૦૭૭ દર્દીઓએ જીવ ગુમાવ્યા. આ સાથે કુલ મૃત્યુઆંક ૨,૭૦,૨૮૪ પર પહોંચી ગયો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૮,૨૨,૨૦,૧૬૪ લોકોને રસી અપાઈ છે. આઈસીએમઆરના જણાવ્યાં મુજબ શનિવારે દેશભરમાંથી કોરોના વાયરસના ૧૮,૩૨,૯૫૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ સાથે અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૩૧,૪૮,૫૦,૧૪૩ સેમ્પલનું ટેસ્ટિંગ થયું છે. દિલ્હીમાં કોરોનાના નવા કેસની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. શનિવારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૪૩૦ નવા કેસ આવ્યા. જ્યારે ૩૩૭ લોકોના મોત થયા. આ દરમિયાન કોરોનાને ૧૧૫૯૨ લોકોએ માત આપીને રિકવરી પણ મેળવી. દિલ્હીમાં કોરોનાથી સંક્રમણનો દર ઘટીને ૧૧.૩૨ ટકાથયો છે. જે ૧૧ એપ્રિલ બાદ સૌથી ઓછો છે. મહારાષ્ટ્રમાં કોરોનાને સતત લોકો માત આપી રહ્યા છે. એક દિવસમાં કોરોનાના નવા ૩૪૮૪૮ દર્દીઓ મળ્યા જ્યારે ૫૯ હજારથી વધુ દર્દીઓ એક દિવસમાં રિકવર થયા. જો કે ચિંતાની વાત એ છે કે પ્રદેશમાં શનિવારે ૨૪ કલાકમાં ૯૬૦ દર્દીઓના કોરોનાથી મોત થયા. હાલ મહારાષ્ટ્રમાં કોરોનાના ૪ લાખ ૯૪ હજારથી વધુ એક્ટિવ કેસ છે.

# રાજકોટમાં આંતર રાજ્ય ડુપ્લીકેટ માર્કશીટ કૌભાંડ ઝડપાયું

## મુખ્ય સૂત્રધાર સહિત પાંચ શખ્સોની ધરપકડઃ રાજકોટનો શખ્સ ઉતર પ્રદેશ યુનિવર્સીટી અને બોર્ડની બોગસ માર્કશીટ બનાવી આપતો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

રાજકોટનાં સાધુવાસવાણી રોડ પર આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં ચાલતા માર્કશીટ કૌભાંડનો એસ.ઓ.જી નો ટીમે પર્દાફાશ કરી મુખ્ય સૂત્રધારા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ એસ.ઓ.જી ની ટીમે ચોક્કસ બાતમીનાં આધારે સાધુવાસવાણી રોડ પર આવેલ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા ભાવિકખત્રી નામના શખ્સને ઉતર પ્રદેશ યુનીવર્સીટી, મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ વારાણસી તથા ઉતર પ્રદેશ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ ની ડુપ્લીકેટ માર્કશીટ સાથે દબોચી લઇ સઘન તપાસ રાજકોટમાં રહેતો ભાવિક પ્રકાશ ખત્રી નામનો શખ્સ રામસીગ નામના શખ્સ મારફતે બોગસ માર્કશીટ બનાવતો હોવાનું બહાર આવતા અને શહેરમાં અલગ-અલગ લોકોને બોગસ માર્કશીટ આપી હોવાની કબૂલાત આપી હતી. પોલીસે ભાવિક ખત્રી, હરિકૃષ્ણ રાજેશ ચાવડા, ભેસદડીયા પ્રીતેશ ગણેશ, પટોળીયા વાસુ વિજય તથા સુરેશ દેવજી પાનસુરીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી હતી. જયારે રામસિંગ તથા દિલીપ ખીમા રામાણી, પ્રફુલ અરજણ ચોવટીયા, સુરેશ વસોયા સહિત શખ્સોની પોલીસે શોધખોળ આદરી છે.

# શહેર ભાજપ કાર્યાલય ખાતે કન્ટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

સંભવિત તૌક્તે વાવાઝોડાની આગાહીના સંદર્ભે તકેદારીના ભાગરૂપે તેમજ કુદરતી આપતિની પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરા આયોજનના ભાગરૂપે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં તેમજ દેશ ભાજપ અગ્રણી નિતીન ભારધ્વાજ, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિહ ઠાકુર, બીનાબેન આચાર્ય, ઉદય કાનગડ, ડો.પ્રદીપ ડવ, કશ્યપ શુકલ, ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાયેલ હતી.

વાવાઝોડા અંતર્ગત રાજકોટ મહાનગરની સંપુર્ણ વ્યવસ્થા જેમાં કલેકટર, પીજીવીસીએલ, પોલીસ અને કોર્પોરેશન સાથે નિતીન ભારધ્વાજ (૯૮૨૪૪૩૦૪૩), મોહનભાઈ કુંડારીયા(૯૮૨૫૦૦૫૩૮૬),રામભાઈ મોકરીયા (૯૯૨૫૧૧૮૯૯૯), અંજલીબેન રૂપાણી ( ૯૪૨૮૨૦૯૯૭૭) સંભાળશે તેમજ કાર્યાલય ખાતે કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે.

મહામંત્રી જીતુ કોઠારી (૯૮૨૫૦૭૬૩૧૬), અનીલભાઈ પારેખ (૯૪૨૭૪૯૭૫૯૬), હરેશ જોષી(૯૪૨૬૯૫૯૫૬૫) સહીતના વ્યવસ્થા સંભાળશે, તેમજ વોર્ડવાઈઝ વોર્ડ નં.૧,૨,૩ માં નરેન્દ્રસિહ ઠાકુર (૯૮૨૪૮૦૧૯૧૯), વોર્ડ નં.૪,૫,૬ કિશોર રાઠોડ (૯૮૨૪૨૯૧૬૯૬), વોર્ડ નં.૭,૮ કશ્યપ શુકલ (૯૮૨૪૩૦૦૯૯૯), વોર્ડ ૯ પુષ્કર પટેલ (૯૮૭૯૩૭૭૭૭૭), વોર્ડ નં.૧૦ બીનાબેન આચાર્ય (૯૮૯૮૨૧૧૬૦૬), વોર્ડ નં.૧૧,૧૨,૧૮ માં લાખાભાઈ સાગઠીયા (૯૮૨૪૨૩૯૨૪૪), ભાનુબેન બાબરીયા (૯૯૦૪૩૪૩૩૨૧) ,રાજુભાઈ બોરીચા ( ૯૬૨૪૦૩૯૩૯૫), વોર્ડ નં.૧૩,૧૭ ગોવીંદભાઈ પટેલ (૯૮૨૪૪૫૧૫૫૬), વોર્ડ નં.૧૪ માં ઉદય કાનગડ (૯૯૦૯૯૯૨૪૦૪), વોર્ડ નં.૧૫,૧૬ માં અરવીંદ રૈયાણી(૯૮૭૯૧૬૨૫૪૫) સંભાળશે તેમજ કોર્પોરેશન ખાતેથી મેયર ડો. પ્રદીપ ડવ (૯૯૨૪૮૦૦૦૦૧) સહીતના પદાધિકારીઓ અને તેની ટીમ વોર્ડવાઈઝ અન્ય વ્યવસ્થા સંભાળશે.અને શહેર ભાજપ કાર્યાલય ખાતે કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રહેશે.

આ બેઠકમાં શહેર ભાજપના હોદેદારો, વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રીઓ, કોર્પોરેટરો,મોરચાના હોદ્દેદારો સહીતના ઉપસ્થિત રહયા હતા. આ બેઠકની સંપુર્ણ વ્યવસ્થા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ અને શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ સંભાળી હતી.

## આવતીકાલ સુધી વેક્સિનેશન કામગીરી બંધ રહેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તૌકતે વાવાઝોડાની સંભવિત પરિસ્િથતિને પગલે આજે તા.૧૭ અને આવતીકાલે તા.૧૮ ના રોજ શહેરનાં તમામ વેક્સિન કેન્દ્રો ખાતે વેક્સિનેશન કામગીરી બંધ રહેશે. તૌકતે વાવાઝોડાની મહતમ અસર સૌરાષ્ટ્રનાં વિસ્તારોમાં થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે અને આવતીકાલ સુધી વેક્સિનેશન કામગીરી બંધ રહેશે. જેની શહેરીજનોએ નોંધ લેવી તેમ મહાનગરપાલિકા નાં જન સંપર્ક અધિકારીએ જણાવ્યું છે.(૧.૧)

### વાવાઝોડાએ પીજીવીસીએલ તંત્રની પોલ ખોલી નાખી

# ઉર્જા મંત્રીની વાવાઝોડાના ખતરાને પહોંચી વળવાની વાતોનું સુરસુરિયું



## અડધા રાજકોટમાં વિજળી ગુલ : પીજીવીસીએલના સબ ડિવીઝનોમાં થોકબંધ ફરિયાદો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકાના વિરોધ પક્ષના પૂર્વ નેતા અતુલ રાજાણી, રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા, (સિનિયર કોંગ્રેસ અગ્રણી), લોક સંસદ વિચાર મંચના શહેરમાં ગઈકાલે મીની વાવાઝોડું એ ગુજરાત પશ્ચિમ વિભાગ વીજ કંપનીની પોલ ખોલી નાખી હતી. રાજકોટ શહેરમાં જ ધડાધડ ૬૦૦થી વધુ ફરિયાદો થવા પામી હતી અને પીજીવીસીએલના ફોલ્ટ સેન્ટરના ફોન સતત વ્યસ્ત રહેતા હતા અને અડધી કલાક સુધી ફોલ્ટ સેન્ટરના ફોન લાગતા નહોતા. કસ્ટમર કેરના ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૩ અને ૧૯૨૨ના ફોન વર્ષોની પરંપરા મુજબ નજીવા વરસાદે જ બંધ થાય છે. ફોન લાગતા ન હોવાથી ફરિયાદોને બ્રેક લાગી હતી જો ફોન ચાલુ રહ્યા હોત તો હજારથી વધુ ફરિયાદો થઈ શકી હોત.

સામાન્ય વરસાદે અને ફક્ત વાવાઝોડા નું ટ્રેલર આવતા જ પીજીવીસીએલની બતી ગુલ થઇ ગઇ હતી ધડાધડ ત્રણ ડઝન જેટલા ટ્રાન્સફોર્મર ઉડી ગયા હતા અને અડધા રાજકોટમાં કલાકો સુધી અંધારપટ છવાયેલો રહ્યો હતો. મહાનગરપાલિકાના કંટ્રોલરૂમમાં ફક્ત ૬ વૃક્ષો ધરાશાયી થયા છે. તેમ છતાં અડધા રાજકોટમાં અંધારપટ છવાયો હતો. દશેરાના દિવસે જ પીજીવીસીએલ ઘોડુ દોડતું બંધ થઈ જાય છે.

પીજીવીસીએલના કસ્ટમર કેરના ફોન બંધ રહેતા હોવાથી કોંગ્રેસ અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલાએ પીજીવીસીએલના સુપરિન્ટેન્ડન્ટ ઇજનેર કારીયાને ચોમાસુ આવતું હોય ત્યારે કસ્ટમર કેર ના ફોન અને ઢંગધડા વગરના પીજીવીસીએલના તંત્રને દોડતું કરવા ટેલિફોનિક ઉગ્ર રજૂઆતો કરી હતી. રાજ્યના ઊર્જા મંત્રી સૌરભ પટેલ ની વાવાઝોડાના ખતરાને પહોંચી વળવાની ગુલબાંગો વચ્ચે વાવાઝોડાએ ફક્ત ટ્રેલર બતાવતા પીજીવીસીએલનુ તંત્ર સંપૂર્ણપણે નાપાસ થયું છે. ઉર્જા મંત્રી ની ગુલબાંગોનુ સૂરસૂરીયુ થયું છે. હાલ કુદરતે ફક્ત ટ્રેલર બતાવતા જ્યારે કલાકો સુધી વીજ બતીગુલ થાય ત્યારે પિક્ચર આવશે ત્યારે શું થશે ? તેમ લોકોના મનમાં સવાલો ઉઠી રહ્યા છે. રાજકોટના કસ્ટમર કેર માં ૧૧૨, અને પીજીવીસીએલના જુદા જુદા સબડિવિઝનમાં રાત્રિના સમયે આવેલી ફરિયાદોમાં મીલપરા-૨૫, પ્રહલાદ પ્લોટ-૮, કોઠારીયા રોડ- ૫૦, આજી-૧-૭, આજી-૨-૩૭ બેડીનાકા-૨૫, લક્ષ્મી નગર-૧૮, મહિલા કોલેજ-૧૧, પ્રદ્યુમનનગર-૨૪, ઉદ્યોગનગર-૨૭, કાલાવાડ રોડ-૧૮, માધાપર-૩૦, વાવડી-૩૦, નાનામોવા-૧૫, રૈયારોડ-૪૪ આ સિવાય સવારમાં જુદા જુદા પીજીવીસીએલના સબ ડિવીઝનોમા થોકબંધ ફરિયાદો નોંધાયેલ હોવાનું અતુલ રાજાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, ધીરુભાઈ ભરવાડે જણાવ્યું છે.

# નવા બસ પોર્ટમાં એસ.ટી કર્મચારીઓનો મુંડન કરાવી વિરોધ નોંધાવ્યો





## સૌરાષ્ટ્રમાં કોરોનામાં એસ.ટીના ૧૮ કર્મીના મૃત્યુ, સરકાર મદદ ન આવતા એસ.ટીના કર્મચારીએ ફાળો એકત્ર કરવાનું શરૂ કર્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા ૧૭

રાજકોટના મુસાફરો સાથે સીધો સંપર્ક ધરાવતા એસટીના કર્મચારીઓને રાજ્ય સરકારે કોરોના વોરિયર્સ ન ગણી સહાય ન કરતા રાજકોટની લાઈન ચેકિંગ શાખાના બે અધિકારીએ સૌરાષ્ટ્રના પાંચ ડિવીઝનમાં મૃત્યુ પામેલા ૧૮ કર્મચારીઓના પરિવારને સહાય માટે ફાળો ઉઘરાવવાનું શરુ કર્યું છે. સરકારના વિરોધમાં મુકેશસિંહ જાડેજા નામના કર્મચારીએ મુંડન કરાવી વિરોધ અને મૃતકને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

લાઈન ચેકિંગના અધિકારી મુકેશસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ એસટી કર્મીઓ માટે ઓક્સિજન સિલીન્ડરની વ્યવસ્થા કરી છે. એસટી કર્મી કોરોના સંક્રમિત થાય તો તેને હોસ્પિટલ પહોચાડવામાં મદદ કરી અને હાલ અત્યાર સુધીમાં ત્રણ કર્મીઓ માટે મ્યુકરમાઈકોસિસના ઇન્જેકશનની વ્યવસ્થા કરી આપી છે. માટે ગત ૭મેથી ઓનલાઈન ફાળો ઉઘરાવવાનું શરૂ કરતા એક અઠવાડિયામાં રૂ.૧ લાખ એકઠા થયા છે. જોકે હવે ડિવીઝનના તમામ બસ સ્ટેન્ડ પર પેટી મૂકાઈ છે. જેમાં એસટીના વિભાગીય નિયામક યોગેશ પટેલે રૂ.૧૧૦૦ સહીત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત મુસાફરો પણ સહાય કરી રહ્યાં છે. ત્યારે સરકારને એટલી જ વિનંતી છે કે એસટીના કર્મીઓને વહેલી તકે કોરોના વોરિયર્સ જાહેર કરી રૂ.૨૫ લાખની સહાય આપવામાં આવે. રાજકોટ એસટી ડિવીઝનના લાઈન ચેકિંગ સ્ટાફના આસિસ્ટન્ટ ટ્રાફિક ઇન્સ્પેક્ટર મુકેશસિંહ જાડેજા અને આર.પી.સોલંકીએ રાજકોટ ઉપરાંત જૂનાગઢ, ભાવનગર, જામનગર અને અમરેલી વિભાગમાં કોરોનાથી મૃત્યુ પામતા કર્મચારીના પરિવારને ઓછામાં ઓછી રૂ.૧૦ હજારની સહાય કરી શકાય તે માટેના પ્રયાસો હાથ ધર્યા છે.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

# વોર્ડનં. ૧૫ માં 'તાઉ-તે'ની અસરઃ પાણી વિતરણ ઠપ્પ

## તંત્ર દ્વારા પાણી વિતરણ બંધ રહેશે કોઈ જાહેરાત નહીં કરાતા ગૃહિણીઓમાં દેકારો બોલી ગયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

ગુજરાત પર ત્રાટકતું વાવાઝોડું તૌક્તે ગુજરાતનાં ગામડા, શહેરોને અસર કરે તે પૂર્વે જ રાજકોટ શહેરનાં સામાકાંઠા વોર્ડનં.૧૫ માં અસર કરી ગયું છે. વાવાઝોડું તૌક્તે આવે તે પહેલા વોર્ડનં. ૧૫ માં અસર કરી ગયું છે. વાવાઝોડું તૌક્તે આવે તે પહેલા વોર્ડનં. ૧૫ માં આજે પાણી વિતરણ ઠપ્પ થતા વિસ્તારની ગૃહિણીઓમાં દેકારો બોલી ગયો છે. શહેરમાં ગઈકાલે ૮૫ કિમી ની ઝડપે વાવાઝોડા સાથે પવન ફૂંકાયો હતો. જેના કારણે સામા કાંઠે આવેલ આજી-૧ ડેમની સાઈડ પણ પાણીમાં તરતા આઠ પંપોને અસર થઇ હતી. આઠ પંપમાંથી માત્ર ત્રણ પંપ કાર્યશી રહેતા આજે સવારે સામાકાંઠે અડધા વિસ્તારમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણી વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે વોર્ડ.૧૫ માં કેટલાક વિસ્તારમાં પાણી વ્યવસ્થા ઠપ્પ થતા આ વિસ્તારમાં રહેતા લોકોમાં દેકારો બોલી ગયો હતો અને ગૃહિણીઓની રોજીંદી કામગીરી ખોરવાઈ ગઈ હતી. બીજી બાજુ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઈ જાહેરાત કર્યા વગર પાણી વિતરણ ઠપ્પ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. આ બાબતે સૌરાષ્ટ્ર ક્રાંતી દ્વારા ઉચ્ચઅધિકારીઓ સાથે ટેલીફોનીક સંપર્ક કરાતા જાણવા મળ્યું હતું કે તંત્રવાહકો દ્વારા ગઈકાલે પાણી વ્યવસ્થા ખોરવાઈ હોય તે બાબતે માત્ર સોશિયલ મીડિયા મારફતે અધિકારીઓનાં વોટ્સઅપ ગ્રુપમાં જાણ કરવામાં આવી હતી. આર.એમ.સી ના ઇસ્ટ ઝોનનાં વોટર વર્કસ શાળાનાં અધિકારી મોરી સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે ગઈકાલે ભારે પવન ફૂંકતા પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હોવાનું અને આજી-૧ ડેમની સાઈટ પર આવેલા પંપો કે જે પાણીમાં બેરળનાં પ્લેટફોર્મ પર તરતા પંપો છે. જેમાં આઠ પંપો કાર્યરત છે. પરંતુ ગઈકાલે ભારે પવન ફૂંકતા આ આઠ પંપો પૈકીનાં માત્ર ત્રણ પંપો કાર્યરત છે. જયારે પાંચ પંપોમાં છતી સર્જાતા તેનું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ હાલ ભારે પવનનાં કારણે આ કામગીરી કરવી જોખમી હોવાથી આ ડેમેજ થયેલા પાંચ પંપો રીપેરીંગ કરી શકાય તેવી સ્થિતિમાં ન હોવાથી આજે પાણી વિતરણ થઇ શકશે નહીં. તેમ ઉચ્ચ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. પરંતુ ગુજરાતમાં આવનારું વાવાઝોડું તૌક્તે હતું. આવવાનું બાકી હોય માત્ર ભારે પવનનાં કારણે આટલી છતી સર્જાય તો આવતા તૌક્તે કેટલી નુકશાની કરશે અને તંત્ર વાહકો આ પરિસ્િથતિમાં કેવી કામગીરી કરી શકશે તેવો સવાલ ઉપસ્થિત થયો છે.

## વોર્ડનાં કોંગી કોર્પોરેટરો અજાણ?

વાવાઝોડું તૌક્તે આવે તે પહેલા જ ભારે પવનનાં કારણે વોર્ડનં. ૧૫ માં પાણી વ્યવસ્થા ઠપ્પ થતા ગૃહિણીઓમાં ભારે દેકારો બોલી ગયો હોય છતાં આ વિસ્તારનાં કોર્પોરેટરો જાણે આ બાબતથી અજાણ હોય તેમ કોઈ પ્રતિક્રિયા આપી શક્યા ન હતા. વોર્ડનં. ૧૫ માં પાણી વિતરણ નહીં થતા લોકોના ફોન રણકતા થયા હતા અને જાગૃત નાગરિકો દ્વારા તંત્ર વાહકોને ફોન કરી પરિસ્િથતિ અંગે પૂછપરછ કરી હતી. પરંતુ આ વિસ્તારનાં કોર્પોરેટરો જાણે આ પરિસ્િથતિ થી અજાણ હોય તેમ કોઈ એ એક પણ અધિકરીને ફોન કરી આ સમસ્યા અંગે કોઈ પ્રક્રિયા કરી ણ હોય કે કોઈએ એક અધિકારીને ફોન કરી જાણ પણ કરી ણ હતી.

### મોરબી રોડ પર ચામડિયા ખાટકીવાસની ઘટના

# સસરા-પત્નીએ જમાઈને પકડી રાખ્યા બાદ સાળીએ છરીના ત્રણ ઘા ઝીકી હત્યા નીપજાવી

**બપોરે ભગવતીપરાના શખ્સ સાથે ફોનમાં વાતચીત કરવા મુદ્દે દંપતી વચ્ચે ઝગડો થયો ; સાંજે માવતરે તેડવા ગયેલા જમાઈનું તેની પત્ની સહિત ત્રણે જીવલેણ હુમલો કરી ઢીમ ઢાળી દીધું**

**હત્યામાં પત્ની – સાળી પોલીસ સંકજામાં ; સસરા નાશી છુટ્ટતા શોધખોળ ; ત્રણ સંતાનો પિતા વિહોણા**







**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ ૧૭

શહેરના મોરબી રોડ પરના ચામડિયા ખાટકીવાસનો મુસ્લિમ યુવકને તેની પત્નીને ગણેશનગરમાં માવતરે તેડવા જતા પત્ની -સાળીએ ઈટ વડે હુમલો કર્યા બાદ સસરાએ છરી વડે જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધા અંગેની બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. હત્યાના બનાવ અંગે મોરબી રોડ પર જુના જકાતનાકા પાસે ગાંધી વસાહત સોસાયટી મેઈન રોડ પર રહેતા રહેમાન જીવાભાઈ મુસાણી ( ઉ.વ ૫૫ ) ની ફરિયાદ પરથી બી ડિવિઝન પોલીસે તેના પુત્ર ફારૂક મુસાણીની હત્યા કરનાર ગણેશનગરના તેના સસરા હારુન જમાલભાઈ ભાડુંલા, તેની સાળી મુમતાઝ ઉર્ફે મુસ્કાન હારુનભાઈ ભાડુલ, તેની પત્ની ઇલ્ફીઝા મુસાણી સામે હત્યા, જાહેરનામા ભંગની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.બી.ઔસુરાની ટીમે બે મહિલાને સંકજામાં લીધી છે, જ્યારે છરીના ઘા ઝીંકનાર સસરાની શોધખોળ હાથ ધરી છે.

ચામડિયા ખાટકીવાસમાં રહેતો મંજૂરીકામ કરતો ફારૂક રહેમાન મુસાણીને તેની પત્ની ઇલ્ફીઝા ઉર્ફ ઈશું સાથે ભગવતીપરાના પરપુરુષ જોડે ફોનમાં વાતચીત કરવા બાબતે ઝગડો થયો છે. જે બાબતે દંપતી વચ્ચે ઝગડો ઉગ્ર બની જતા પત્ની ઈશું પાડોશમાં રહેતા તેના માવતરે ચાલી ગઇ હતી.સમી સાંજે વાવાઝોડાં સમયે પત્ની ઈશુંને તેડવા ગયેલા પતિ ફારૂક આડા સબંધ મુદ્દે સસરા હારુનને વાત કરવા જતાં ઝગડો ઉગ્ર બન્યો હતો.જે સમયે જુના ઝગડાનો ખાર રાખી જમાઈ ફારૂક મુસાણીને તેંના સસરા હારુન અને તેની પત્ની ઇલ્ફીઝાએ ઢીકાપાટુનો મારમાર્યા હતો. જયારે સાળી મુમતાઝ ભાડુંલાએ ઇટ વડે હુમલો કરી જમાઈ ફારૂકને માથાને ભાગે ઇજા કરી હતી. બાદમાં મુમતાઝે છરી વડે પેટના ભાગે ત્રણ જીવલેણ ઘા ઝીકી દેતા ફારૂક લોહી લુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો.

બનાવ સમયે લાઈટ ગુલ થઈ જતા સ્થાનિક લોકો બહાર નીકળયા હતા અને ઘવાયેલા મુસ્લિમ યુવકને રિક્ષામાં નાંખી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.જો કે ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવ અંગેની જાણ થતાં બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.બી.ઔસુરા, રાઇટર રશ્મિન પટેલ સહિત ડી સ્ટાફની ઘટના સ્થળે દોડી ગઈ હતી.આ સાથે મૃતકની માતા હુરબાઈ બહેન, પિતા રહેમાન મુસાણી સિવિલ હોસ્પિટલમાં દોડી ગયા હતાં. ફારૂકની હત્યાથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

# છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં પત્નીને આપઘાતની ફરજ પાડનાર પતિ સામે ગુનો નોંધાયો

### ગૃહકલેશનાં કારણે પરિણીતાએ શરીરે કેરોસીન છાંટી કાંડી ચાપી દઈ પતિ અને બે બાળકોને બાથ ભીડી લેતા ચારેય દાઝ્યા હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

રેલનગર પાછળ આવેલા સાધુવાસવાણી કુંજ રોડ પર છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં ગૃહકલેશનાં કારણે પત્નીને આપઘાતની ફરજ પાડી હોવાની પતિ સામે ફરિયાદ નોંધાઈ છે. બનાવના પગલે પ્ર.નગર પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગઈ તા. ૧૩/૫/૨૧ ના રોજ સાંજના સમયે રેલનગરમાં આવેલા છત્રપતિ શિવાજી ટાઉનશીપનાં બ્લોક નં.ડી માં છઠા માળે રહેતા વર્ષાબા યોગીરાજસિંહ સરવૈયા નામની ગરાસીયા પરિણીતાએ ગૃહ કલેશના કારણે પોતે શરીરે કેરોસીન છાંટી કાંડી આપી દઈ આખા શરીરે દાઝી જતા અને ઘરમાં તેના પતિ યોગીરાજસિંહ જયવંતસિંહ સરવૈયા તથા બે બાળકોને બાથભીડી લેતા ચારેય ગંભીર પ્રકારે દાઝી ગયા હતા. બનાવબાદ ચારેયને ગંભીર હાલતમાં સારવારમાં સિવિલમાં ખસેડવામાં આવતા વર્ષાબા ને સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું. જયારે પતિ યોગીરાજસિંહ અને બે બાળકોને સારવારમાં બર્ન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવનાં પગલે ગોંડલમાં ઉબાલા ચોકડી પાસે મહાકાળીનગરમાં રહેતા વર્ષાબા નાં પિતા વિક્રમસિંહ પરબતસિંહ જાડેજાએ પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેની દિકરીને ગૃહકલેશનાં કારણે તેના પતિ યોગીરાજસિંહ સરવૈયાએ આપઘાત કરવાની ફરજ પાડી હોવાની ફરિયાદ નોંધાવતા પ્ર.નગર પોલીસ મંથકનાં પી.આઈ એલ.એલ.ચાવડા સહિતનાં સ્ટાફે તપાસ હાથ ધરી છે.

# રૂ.૧૦૦ માં ટોકન વેચતો સિક્યુરિટીમેન ઝડપાયો

### આંબેડકરનગર આરોગ્ય કેન્દ્ર પર કોરોનાની વેક્સિન લેવા લાઈનમાં ઉભેલા લોકોને પોતાના આર્થીક લાભ માટે ટોકન વેચતા શખ્સનો વિડીયો વાયરલ થતા પોલીસે ધરપકડ કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

શહેરમાં મહાનગરપાલિકા સંચાલિત આરોગ્ય કેન્દ્રો પર મુફ્તમાં આપવામાં આવતી કોરોનાની વેક્સિન માટે લાઈનમાં ઉભેલા લોકોને ગેરકાયદે રીતે રૂ.૧૦૦-૧૦૦ માં ટોકન વેચાણ કરતા શખ્સનો વિડીયો વાયરલ થતા માલવિયાનગર પોલીસે શખ્સની ધરપકડ કરી છે. આ અંગેની વિગત મુજબ શહેરનાં ગોકુલધામ મેઈન રોડ પર આવેલા આંબેડકરનગર આરોગ્ય કેન્દ્ર પર ખાનગી સિક્યુરિટીનાં માણસ દ્વારા કોરોનાની વેક્સિન લેવા આવેલા લોકોને પોતાના આર્થિક લાભ માટે રૂ. ૧૦૦ માં ટોકન વેચાણ કરતા હોવાની



ફરિયાદ મેડીકલ ઓફીસ ડો.ભાવીન એ માલવિયાનગર પોલીસમાં નોંધાવ્યા બાદ પી.આઈ કે.એન.ભૂકણ સહિતનાં સ્ટાફે તપાસ હાથ ધરી ટોકન વેચાણ કરતા શખ્સનો વિડીયો વાયરલ થતા પોલીસે વૃંદાવન સોસાયટી ચાર માળીયા ક્વાર્ટરમાં રહેતો અને ખાનગી સિક્યુરિટીમાં નોકરી કરતા યુનુસ ઈસ્માઈલ સુમરા (ઉ.વ.૪૫) નામના શખ્સની ધરપકડ કરી હતી. આ કામના આરોપીએ આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેક્સિન લેવા માટે સારવારમાં લાઈનમાં ઉભા રહેતા લોકોને ટોકન આરોગ્ય કેન્દ્રમાંથી આપવામાં આવતા હોય પોતે પોતાના અંગત લાભ માટે અમુક ટોકનનું કોઈને વિતરણ નહીં કરી પોતાની પાસે રાખી મૂકી તેનો દુર ઉપયોગ કરી લાઈનમાં ઉભા ન રહેતા અને વારો ન આવેલ હોય તેવા લોકોનો સંપર્ક થતા તેમના આ ટોકન પૈસા લઈને આપતા હોવાનું બહાર આવતા. આવા કેટલા ટોકન કેટલા દિવસથી વેચાણ કર્યા અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે.

## કોરોના મહામારીમાં લોકોની સારવારમાં સુવિધાઓ અર્થે

# ચૂંટાયેલા પ્રતિનિધિઓએ આર્થિક સહાય પારકા નાણાથી પ્રસિધ્ધીનાં ઢોલ સમાન

### સંસદ સભ્ય, ધારાસભ્યો તથા કોર્પોરેટરોએ પોતાના નાણા ફંડમાં આપી દાતા બનવું જોઈએઃ મોહન સોજીત્રા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

કોરોના મહામારીથી લોકોની સુરક્ષાર્થે, કોવિડ સંક્રમિતોની સારવારમાં રસીકરણ, દવા, ઈજેકશન, ઓકિસજન, હોસ્પીટલમાં બેડની અછત નિવારવા તથા કોવિડ કેન્દ્રો ઉભા કરવામાં - ચલાવવામાં પ્રવર્તમાન ભા.જ.પ. સરકાર વામણી પૂરવાર થઈ રહેલ હોય, તે માટે સંસદ સભ્ય, ધારાસભ્યો તથા કોર્પોરેટરોએ તાજેતરમાં પોતાની ગ્રાન્ટના નાણાં ફંડમાં આપીને આર્થિક સહાય કર્યાના પ્રસિધ્ધીના ઢોલ પીટાવ્યા છે. તે પારકા એટલે કે આમ જનતાના કરવેરાના નાણાંથી પીટાવ્યા છે.

આમ જનતાના કમ્મરતોડ કરવેરાથી મેળવેલ નાણાં એ લોકોના સાર્વજનિક જાહેર નાણાં છે. સંસદ સભ્ય, ધારાસભ્યો કે કોર્પોરેટરોના તે અંગત નાણાં નથી. જેનો ઉપયોગ શહેરના લોકોની સાર્વજનિક સુવિધાલક્ષી રોડ-રસ્તા, બાગ-બગીચા, લાઈટ-પાણી તથા શહેરની સુંદરતા-સ્વચ્છતા લક્ષી યોજનાઓ રાજકીય હિતાહિત વિના લોકોની આકાંક્ષા મુજબ સાકાર કરવા ગ્રાન્ટ ફાળવાય છે. પોતાના અંગત મનસ્વી હિત માટે નહિં. કોવિડ મહામારીને નાથવામાં પોતાની ગ્રાન્ટના નાણાંને બદલે પોતાના આગવા-અંગત નાણાં ફંડમાં દાનમાં આપવા જોઈએ. સંસદ સભ્ય ધારાસભ્યો તથા કોર્પોરેટરોએ જેટલી રકમ પોતાની ગ્રાન્ટમાંથી આપેલ છે. તેટલી રકમ તેઓની પાસેથી વસુલીને નાણાં મ.ન.પા.માં કે સરકારમાં ત્વરીત જમાં કરવા/કરાવવાનો આદેશ આપી તેનું ચુસ્તપાલન કરાવવા મેયર ડો.પ્રદિપ ડવ અને મ્યુ.કમિશનર ઉદીત અગ્રવાલને લેખિતમાં રજૂઆત મોહનભાઈ સોજીત્રા, રાજુભાઈ કિયાડા, પ્રવિણભાઈ સોનારા, હાજીભાઈ રફાઈએ કરી છે.

# ઉપલેટાની આંગડિયા પેઢીમાંથી રૂ.૨.૪૫ કરોડની ઉચાપત

### આંગડિયા પેઢીના માલિકે મેનેજર સહિત સાત સામે ફરિયાદ નોંધાવી




(અમારા પ્રતિનિધિ દ્વારા)


ઉપલેટા,તા.૧૭

ઉપલેટા શહેરમાં આવેલ કે. આર. આંગણિયા પેઢીમાં મેનેજર તરીકે કામ કરતા પ્રતિપાલસિંહ સજુભા જાડેજા દ્વારા અન્ય પાંચ વ્યક્તિઓ સાથે મળી અને ઉપલેટામાં આવેલ કે.આર. આંગણિયા પેઢીમાંથી રૂપિયા ૨ કરોડ ૪૫ લાખની ઉચાંતરી કરી હોવાની ફરિયાદ ઉપલેટા પોલીસ ચોપડે નોંધાવાઈ છે જેમાં ઉપલેટા નગર પાલિકાના યુવા પ્રમુખ મયુર ગોવિંદભાઈ સુવાની કે.આર. આંગડિયા પેઢી કે જે ઉપલેટા કટલેરી બજારમાં આવેલ એક શોપિંગ સેન્ટરમાં છે જેનું સમગ્ર સંચાલન પ્રતિપાલસિંહ સજુભા જાડેજા નામનો યુવાને કરતો હતો.

આ પેઢીના ઉપલેટાના સંચાલક પ્રતિપાલસિંહ સજુભા જાડેજાએ અમદાવાદના ભાવેશ વિષ્ણુ સુથાર તથા એચ.કે જૈન, ભારોલી (તા.તળાજા) ભાવનગર અર્જુનસિંહ કિશોરસિંહ ગોહિલ તથા તેજપાલસિંહ જાડેજા, હિતેષ ઉર્ફે લોગી ઘેલાણી ઉપલેટા વાળાએ આંગડિયા પેઢીમાં પૈસા મોકલવામાં આવેલ પરંતુ આ પૈસા જે તે જગ્યાએ પહોંચાડેલ ના હોય ત્યારે આ અંગે આંગડિયા પેઢીના માલિક મયુરભાઈ ગોવિંદભાઈ સુવાએ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં છ વ્યક્તિ સામે રૂપિયા ૨ કરોડ ૪૫ લાખની ઉચાપત કર્યાની ફરિયાદ ઉપલેટા પોલીસમાં નોંધાવાઈ છે.

ઉપલેટામાં આવેલ આંગણિયા પેઢીમાં મેનેજર તરીકે કામ કરતા પ્રતિપાલસિંહ સજુભા જાડેજાએ અમદાવાદની એક એમ.કે. આંગણિયા પેઢીના સંચાલક સાથે મયુર સુવાના નામ અને ડોક્યુમેન્ટનો ઉપયોગ અમદાવાદના નોટરી એચ.કે. જૈન સમક્ષ નોંધણી કરાવી બોગસ બનાવતી રેકોર્ડ ઉભા કરીને ગત તા.૯ માર્ચના રોજ ફ્રેન્ચાઇઝી લઈ લીધેલ જે બાદ પેઢીના સંચાલક દ્વારા પેઢી પાસે માંગતા જાણવા મળ્યું હોવાનું પણ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે ત્યારે ઉપલેટા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પી.આઇ. કે.કે. જાડેજાએ આ અંગેની તપાસ હાથ ધરેલ છે અને આ સમગ્ર બનાવમાં તપાસ દરમિયાન હજુ વધુ નામ અને હજુ વધુ રકમની ઉચાપત થયેલ હોવાનું બહાર આવવાની શક્યતા જણાઈ રહી છે.(૧૪.૭)

# મીણબતી પ્રગટાવી કોરોનાના મૃતકોને શ્રધ્ધાંજલિ





### નર્સિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા શ્રધ્ધાંજલિ પાઠવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

રાજકોટ સહિત રાજ્યભરમાં કોરોનાથી મૃત્યુ પામનારા નર્સ અને તેમના પરિવારે તથા મૃતક દર્દીઓના આત્માની શાંતિ માટે નર્સિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા શ્રધ્ધાંજલિ અપાઈ હતી. રાજકોટમાં ૧૨૫ નર્સ સ્ટાફ દ્વારા મીણબતી પ્રગટાવી શ્રધ્ધાંજલિ આપી હતી

રાજયમાં કોવિડ સારવારમાં વ્યસ્ત નર્સીસની કોઈ જ સમસ્યાઓનું નિરાકરણ ના આવવાને પરીણામે રાજયના નર્સીસ દ્વારા ના છૂટકે આંદોલનના શસ્ત્ર ઉઠાવવાની ફરજ પડી છે. જે હેતુસર નર્સીસ દ્વારા તા.૧૨ મે ના રોજ શરૂ કરેલ વિરોધ પ્રદર્શન શરુ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત તા.૧૪ મે ના રોજ સવારે ૮:૦૦ સમૂહ પ્રાર્થના, તા.૧૫ મે ના રોજ સવારે ૮ કલાકે કાળા વસ્ત્રો ધારણ કરી દેખાવો, તા.૧૬ મે ના રોજ સાંજે ૭:૩૦ કલાકે મીણબતી પ્રગટાવી કોરોના મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવી હતી. આજે સવારે આઠ કલાકે ધંટડી,થાળી વગાડી સરકારનું ધ્યાન નર્સીસ પરીવાર પરત્વે દોરવાની કોશીશ કરી હતી. રાજય સરકાર દ્વારા તેમ છતા નર્સીસની વ્યાજબી માંગણીઓ પર જો કોઈ જ હકારાત્મક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી તા.૧૮/૦૫/૨૦૨૧ નો એક દીવસની પ્રતિક હડતાલ પર ઉતરવાની ચિમકી આપી છે.

# સુરેન્દ્રનગર જિલ્લાના અનેક ગામોમાં કોવિડ સેન્ટરમાં ઈમ્યુનિટી બુસ્ટરનું વિતરણ





### સુદામડા, ચોટીલા, ચૂડા ગામમાં હોમીયોપેથી દવાનું વિતરણ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરેન્દ્રનગર,તા.૧૭

હાલ ની કોરોના મહામારી માં અનેક લોકોએ જાન ગુમાવી છે. કોરોનાના સામે લાડવા માટે અનેક સંસ્થાઓ, અધિકારીઓ તથા અલગ અલગ સરકારી કચેરીઓ દ્વારા પ્રયત્નો કરી રહ્યા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને નિયામક, આયુષની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આયુર્વેદ અધિકારી,આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર ના માર્ગદર્શન હેઠળ વઢવાણ તાલુકાના ખજેલીના હોમીઓપેથી મેડિકલ ઓફિસર ડો. રાજેશ ચૌહાણ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા, સુદામડા તેમજ ચોટીલાના કોવિડ કેર સેન્ટરમાં હોમીઓપેથીક દવા ઇમ્યુનિટી બુસ્ટર આર્સેનિક આલ્બમ-૩૦ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં કોવિડ સેન્ટર માં સારવાર લઈ રહેલ દર્દીઓ, તેમના સગા સંબંધીઓ તથા હોસ્પિટલ સ્ટાફના બહોળા પ્રમાણમાં હોમીઓપેથી દવાનો લાભ લીધો. આ સેવાકીય પ્રવુતિ માં ધજાળા મેડિકલ ઑફિસર ડો કરણ મંડલી તથા દલપત ભાઈ પરમાર પણ હાજર રહયા હતા.(૧૪.૧)

# જસદણમાં મોતીચોકમાં આધુનિક પરબ શરૂ કરાયું

### નાગરિકો માટે ફ્રીજ મુકાયું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૧૭

જસદણના સામાજિક કાર્યકરો હરિભાઈ હિરપરા, હેમલભાઈ પરમાર, મનીષભાઈ બાબરીયા, ગુણુભાઈ દરજી, સત્યમભાઈ મહેતા, બાબુભાઈ વાળા, રાજુભાઈ હિરપરા, સાગરભાઈ દોશી, રાધે ગારમેન્ટ્સ, એસ એસ ગારમેન્ટ્સ, નટુભાઈ હિરપરા, ધીરુભાઈ હિરપરા, મુકુલભાઈ મહેતા, જગાભાઈ વેકરિયા, ઘનશ્યામભાઈ જવેલર્સ વગેરેએ જસદણમાં આવતાં હજ્જારો ગ્રામ્યજનોની તરસ છીપાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. જસદણની મેઈન બજાર મોતીચોકમાં કોઈ પબ્લિકલી પાણીનું પરબ ન હોય તેથી જસદણની બજારોમાં હટાણું કરવાં આવતાં લોકોને પીવાનાં પાણીની ભારે હાડમારી પડતી તે તકલીફ અને તાજેતરમાં જ જસદણમાં નિધન પામનારા સેવાકીય કામોમાં અગ્રેસર રહેતા રાઘવભાઈ





ઘડિયાળી (હિરપરા) ની યાદમાં કંઈક સેવાકીય કાર્ય કરવું તેને લઈ જસદણના મોતીચોકમાં હનુમાનજીના મંદિર પાસે બજારમાં આવતાં જતાં રાહદારીઓની તરસ છીપાય તે માટે હજ્જારો રૂપિયા ખર્ચી એક આધુનિક ફ્રીઝ ઉભું કરી અવરજવર કરતાં નાગરિકો ઠંડુ પાણી પી શકે એવું પરબ ઉભું કર્યું હતું. આટલું જ નહીં.

પરંતુ પાણીનું પરબ શરૂ કરતાં પહેલાં હનુમાનદાદાના મંદિરમાં એક પ્રસંગોચિત યજ્ઞ પણ કરી પછી પરબ શરૂ કર્યું હતું. આજે આ પરબ બહોળી સંખ્યામાં રાહદારીઓ અને આજુબાજુના દુકાનદારોની તરસ છીપાવી રહ્યું છે.(૧૪.૫)

# અવસાન નોંધ

**મહુવા:** શબ્બીરઅલી ફખરૂદ્દીન ચૌહાણ (ઉ.વ.૭૨) તે મ. અમીનાબેનના શોહર, અમ્મારભાઈ (ફિરોજભાઈ) - બુરહાનભાઈ - જમીલાબેન (બગસરા) ના બાવાજી, સમ્યુદ્દીનભાઈ (બગસરા) તથા તસ્નીમબેનના સસરા, હકીમભાઇ - અસગરભાઈ - અબ્દુલ્લાહભાઈ - જુમાનાબેન (પુના) ના ભાઈનું તા.૧૬ ને તા.૫ મી શવ્વાલ રવિવાર ના રોજ ખુદા તઆલાની રહેમતમાં પહોંચ્યા છે. મર્હુમના જીયારત (સુયુમ) ફાતેહાના સિપારા તા.૧૭ ને સોમવાર ના રોજ હાલ સંજોગ ધ્યાનમાં લઇ ઓનલાઇન ટેલિફોનિક રાખેલ છે. કલીમી મજીદમાં ૧૧:૩૦ કલાકે મહુવા મુકામે રાખેલ છે. અમ્મારભાઈ- ૯૯૨૪૫૨૦૩૪૨

**રાજકોટ:** સ્વ.અરૂણાબેન અશોકભાઈ ગોહેલ (ઉ.વ.૫૫) તે દર્શન તથા હીનાના માતા પ્રેક્ષીતના નાનીમાં, ગોવિંદ તથા હસમુખના મોટાભાગી, સ્વ.રતિભાઈ રાવરાણીના પુત્રી, કીરીટભાઈ તથા પ્રકાશભાઈના બહેન તથા મનોજકુમાર ગોંડલીયાના સાસુમાં તા.૧૬ ના રોજ અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તા.૨૦ ને ગુરૂવારે બપોરે ૪ થી ૬ રાખેલ છે. અન્ય લૌકીક ક્રિયાઓ બંધ રાખેલ છે. એ.કે.ગોહેલ-૯૯૨૪૪૩૮૭૪૩, મનોજકુમાર-૯૮૨૪૨૨૪૪૭૯, હસમુખભાઈ- ૭૦૪૮૩૯૭૨૦૮, કીરીટભાઈ-૯૨૨૮૫૯૫૯૨૮, પ્રકાશભાઈ-૯૩૭૪૧૦૮૧૨૩

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટમાં મ્યુ. કમિશનર ઉદિત અગ્રવાલ સહિતના અધિકારીઓ ફિલ્ડમાં ખડેપગે

પગલા લેવાશે. નિચાણ વાળા વિસ્તારો અને અન્ડર બ્રિજમાં પાણી ભરાઇ તો ડીવોટરીંગ પમ્પ સાથે સ્ટાફ તૈનાત કરાયો છે. તે માટે સીટી ઇજનેરોને સુચના અપાઇ છે કે, પીવાના પાણીના વિતરણમાં કોઇ વિધન આવવું જોઇએ નહીં. એ માટે તમામ વોટર પમ્પીંગ સ્ટેશનમાં જનરેટર ગોઠવાયા છે. ફાયર બ્રિગેડ સહિત મનપાના તમામ વાહનો ડિઝલના પુરતા જથ્થા સાથે તૈયાર રાખવામાં આવ્યા છે. શહેરમાં છોટુ નગર ઝુંપડ પટ્ટી, રૂખડીયાપરા, લોહાનગર, ૮૦ ફૂટ રોડ, પુજારા પ્લોટ વોકળા કાંઠા, સીંદુરીયા ખાણ ઝુંપડ પટ્ટી, ભગવતી પરા, ગ્રીનલેન્ડ ચોકડી ઝુંપડ પટ્ટી, કુબલીયા પરા, એકતા કોલોની જંગલેશ્વર, રૈયાધાર અને લક્ષ્મીનગર સ્લમ, મવડિ ગામ, ગોંડલ ચોકડી વગેરેથી લોકોનું સ્થળાતર કરી દેવામાં આવ્યું છે. મેયર, ડે.મેયર સહિતના પદાધિકારીઓએ જણાવ્યું છે કે, વાવાઝોડાને કારણે ખુબ જ પવન ફુંકાઇ અને ભારે વરસાદ આવે તેવી શકયતા હોવાથી શહેરીજનો બે દિવસ જાગૃત રહે અને ઘરની બહાર નીકળવાનું ટાળે એવી જાહેર અપીલ છે. તેમણે જણાવ્યું હતું કે, શહેરમાં વિવિધ સ્થળે વૃક્ષ પડી ગયા છે પણ કોઇ જાનહાનીની ઘટના બની નથી. વૃક્ષોનું ટ્રીમીંગ કરી ખસેડવાની કામગીરી પુરી થવામાં છે. નદી કાંઠા વિસ્તારોમાં પણ ફાયર બ્રિગેડ સતત રાઉન્ડ અપ રાખશે. પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, વાવાઝોડાને લીધે નદી કાંઠાના રહેવાસીઓને જુદી-જુદી શાળાની ઇમારતોમાં લઇ જવાયા છે. શહેરમાં માઇક દ્વારા પણ જાહેરાત કરીને લોકોને જાગૃત કરવામાં આવી રહયા છે. શહેરીજનોને જાગૃત રહેવાની અપીલ છે.

## મુખ્યમંત્રી રૂપાણીની હૈયાધારણા, વાવાઝોડાના સામના માટે સરકાર પુરેપુરી તૈયાર

બેઠક બાદ મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, વાવાઝોડાના મહાસંકટનો સામનો કરવા માટે રાજય સરકાર પુરેપુરી તૈયાર છે, આગોતરા તમામ પગલાઓને આખરી રૂપ આપવામાં આવી રહયું છે. તેમણે હૈયા ધારણા આપી હતી કે, કાચા મકાનોમાં રહેનારા તમામ લોકોનું સ્થાળતર કરવામાં ગયું છે. રાજયમાં તમામ ૧૪૦૦ કોવિડ હોસ્પિટલોમાં વિજ પુરવઠો ખોરવાઇ નહીં એ માટે પાવર બેકપની વ્યવસ્થા કરવામાં આવી છે. એનડીઆરએફની ટીમો તૈનાત કરી દેવાઇ છે. તેમણે દરીયા કાંઠાના લોકોને બીન જરૂરી ઘરની બહાર ન નીકળવા અપીલ કરી હતી.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ

તંત્ર દ્વારા તાકિદ કરવામાં આવી છે. ખાસ કરીને દરીયા કાંઠાના લોકોને હાલ દરીયા કિનારે અવર-જવર ન કરવા ચેંતવણી આપવામાં આવી છે. મોટા હોર્ડીંગ્સ ઉતારવાની કામગીરી પણ રાજકોટ મનપા દ્વારા શરૂ કરી દેવામાં આવી હતી. અલગ-અલગ વિસ્તારોમાં ટીમો ફરી વળી હતી અને મહાકાય હોર્ડીંગ્સ તથા બેનર્સ ઉતારી લેવામાં આવ્યા હતા. શહેરીજનોને કાચા અને નબળા મકાનોની પાસે, વૃક્ષોની નીચે અને થાંભલા હેઠળ ઉભા ન રહેવા ચેંતવણી આપવામાં આવી છે. તદ્ઉપરાંત લોકોને અગાસીઓ પર ગોઠવેલા પુલ અને ઔસધીના કુંડા ઉતારી લેવા ખાસ તાકિદ કરવામાં આવી છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## સાંજે આઠ વાગ્યે ગુજરાતમાં ત્રાટકશે તાઉતે

નિચાણ વાળા વિસ્તારોમાંથી ૧ લાખ ૩૫ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ૧ હજારથી વધુ બોટ અને જહાજોને કાંઠા પર મુકી દેવામાં આવ્યા છે. એનડીઆરએફ અને એસડીઆરએફની ૫૩ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. સોમનાથ અને વેરાવળમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકોને સલામત સ્થળે ખસેડવા માટે ડઝન બંધ શાળાઓની ઇમારતો ખોલી નાખવામાં આવી છે. કચ્છના મુદ્રા વગેરે વિસ્તારોમાંથી સેંકડો માછીમારો અને અગરીયા પરીવારોનું સ્થળાતર કરવામાં આવ્યું છે. રાજકોટ અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં તથા રાજયોમાં ગઇકાલથી મોસમનો મીજાજ પલટાયો છે. તોફાની પવન ફુંકાવો શરૂ થયો છે, વરસાદના છાંટા પણ પડયા છે. બપોર પછી મોટાભાગના શહેરોમાં ભારે વરસાદ શરૂ થવાની શકયતા છે. અત્યારથી દરીયામાં ઉંચા મોજા ઉછડી રહયા છે લોકોને દરીયા કાંઠે અવર-જવર ન કરવા અને માછીમારોને ત્રણ દિવસ સુધી દરીયામાં ન જવા તાકિદ કરવામાં આવી છે. વેરાવળ, સોમનાથ,પોરબંદર અને જૂનાગઢના દરીયા કાંઠે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દરીયામાં ભારે કરંટ જોવા મળી રહયો છે અને ઉંચા ઉંચા મોજા ઉછડી રહયા છે. આજે સોમવારે રાતે ૮ વાગ્યા સુધીમાં પોરબંર-મહુવા વચ્ચેના કાંઠા પર પુરા વેગ સાથે વાવાઝોડું ત્રાટકવાની શકયતાને પગલે વહીવટી તંત્ર એકદમ સર્તક બન્યું છે. જામનગર અને પોરબંદરમાં ૮ નંબરના ભય સુચક સિંગનલ ફરકાવવામાં આવ્યા છે. અલંગમાં ૯ નંબરનું સિંગનલ ફરકાવવામાં આવ્યું છે. માંગરોડ અને જાફરાબાદમાં ૧૦ નંબરનું સિંગનલ ફરકાવવામાં આવ્યું છે. રાજયમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રના કાંઠા પર ૧૬૦ કે ૧૮૦ કિલો મીટરની ઝડપે ચક્રવતી વાવાઝોડું ત્રાટકવાની હવામાન ખાતાએ આગાહી કરી હોવાથી આર્મી, નેવી, એરફોર્સ અને કોસ્ટગાર્ડને એકદમ સાવધ અને સર્તક કરી દેવામાં આવ્યા છે. હવામાન ખાતાની છેલ્લી યાદીમાં જણાવ્યું છે કે, અરબી સમુદ્રમાં સર્જાયેલા અને ગુજરાત તરફ ધસી રહેલા વાવાઝોડાએ અતિ ભયાનક ગતી પકડી છે અત્યાર સુધીનું આ સૌથી ભયંકર અને ભયાનક વાવાઝોડું માનવામાં આવે છે. વાવાઝોડાના ભયાનક ખતરા અને જોખમ અંગે પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા માટે આજે બપોરે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબીનેટની ખાસ બેઠક યોજાઇ હતી અને આ બેઠકમાં આગોતરા આયોજન અંગે ખાસ ઉંડી સમીક્ષા કરવામાં આવી હતી. તમામ જિલ્લા વહીવટી તંત્રોને એકદમ સર્તક રહેવા અને તાબડતોબ રાહત તથા બચાવના પગલા લેવા આદેશ આપવામાં આવ્યો હતો. સંભવીત અસરગ્રસ્ત જિલ્લાઓ માટે એનડીઆરએફની ૪૪ ટીમ તૈનાત કરી દેવામાં આવી છે. એસડીઆરએફની પણ ૧૦થી વધુ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. ૧૬૧ જેટલી આઇસીયુ એમ્બયુલન્સ સજ્જ રાખવામાં આવી છે. જયારે ૧૦૮ની ૫૭૬ ટીમો સજ્જ કરી દેવામાં આવી છે. હોસ્પિટલોમાં અને ખાસ કરીને કોવિડ સારવાર હોસ્પિટલોમાં મેડિકલ ઓક્સિજનનો પુરવઠો વિના વિધને પહોંચાડી શકાય એ માટે ૩૪ ગ્રીન કોરીડોર તૈયાર કરવામાં આવ્યા છે. આરોગ્યની ૩૧૯ ટીમોને ફરજ પર મુકવામાં આવી છે. રાજયના ૬૬૮ ગામોમાંથી ૧ લાખ ૩૫ હજારથી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાતર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના વિવિધ બંદરો પર ૮ થી ૧૦ નંબરો સુધીના ભયદર્શક સિંગનલો ફરકાવવામાં આવ્યા છે. વન વિભાગની ૨૪૦ ટીમો સજ્જ રાખવામાં આવી છે. પાણી ભરાઇ તો તેના ત્વરીત નીકાલ માટે ૪૫૬ ડીવોટરીંગ પમ્પ મુકવામાં આવ્યા છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાવાઝોડાના જોખમ અંગે બેઠક યોજી હતી અને ખાસ સમીક્ષા કરી હતી. વાવાઝોડાની ભરી પીવા માટે લેવાઇ રહેલા પગલાથી તેઓ વાકેફ થયા હતા. ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનો સાથે ખાસ ચર્ચા વિચારણા કરી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરી કયાં કયાં પ્રકારના પગલા લેવાયા છે તેની જાણકારી મેળવી હતી. સૌરાષ્ટ્રમાં બપોર બાદ વિવિધ શહેરોમાં ભારે વરસાદ શરૂ થવાની આગાહી કરવામાં આવી છે. ભારે ગતીથી પવન ફુંકાવવાની શકયતા હોવાથી લોકોને સાવધ રહેવા તથા જરૂરી કામ વિના ઘરની બહાર ન નીકળવા તાકિદ કરવામાં આવી છે. આ રીતે તોઉ-તે ને ભરી પીવા માટે ગુજરાતની પ્રજા, સરકાર અને વહીવટી એકદમ સજ્જ અને સર્તક બન્યા છે.

## સુરેન્દ્રનગરના ૧૫૦ સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૩૦ ગામોમાં અંધારપટ : ૫૦થી વધુ થાંભલા પડી ગયા

પરંતુ વૃક્ષો પડવાથી તાર તૂટતા ટ્રાન્સફોર્મરો - જમ્પરો ધડાકા સાથે ઉડયા છે, અને એ વિસ્તારના ફીડરમાં સતત ટ્રીપીંગ આવી રહ્યું છે. વીજ તંત્રના ઉચ્ચ અધિકારીઓના ઉમેર્યા પ્રમાણે અમૂક શહેર- અને ગામડામાં લાઇટોનું સતત આવન-જાવન ચાલુ રહ્યું છે, એની સાથે વીજ ટીમો દ્વારા રાઉન્ડ ધ કલોક રીપેરીંગ કામ પણ ચાલી રહ્યું છે. અધિકારીઓએ ઉમેર્યુ હતું કે રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં જમ્પો-ટ્રાન્સફોર્મરો ઉડયાની - તારો તૂટયાની ફરીયાદો છે, તે અંગે કાર્યવાહી થઇ રહી છે, અને રીપેરીંગ કામમાં હજુ ૩ દિથ દોડધામ રહેશે. રાજકોટની વાત કરીએ તો ગઇકાલે રાત્રે ૮ થી ૯ વચ્ચે ૩૪ ફીડરો બંધ થઇ ગયા હતા, તે તમામ કાર્યાન્વીત કરાયા હતાં, ૨૦ ટકા રાજકોટમાં લાઇટો ગૂલ થઇ ગઇ હતી, આ પછી ૧ થી ૧ાા વચ્ચે રાત્રે ફરી અનેક વિસ્તારોમાં લાઇટો ચાલી ગઇ હતી, જો કે ૧૦ મીનીટમાં આ પુરવઠો ફરી શરૂ થઇ ગયો હતો.

## કર્ણાટક-ગોવામાં વાવાઝોડાથી તબાહીના દ્રશ્યો, કુલ ૧૧ના મોત

મુંબઇ એરપોર્ટ બંધ કરવાની ફરજ પડી છે અને બાંદ્રા-વર્લી વચ્ચેનો વિખ્યાત દરીયાઇ બીચ બંધ કરી દેવામાં આવ્યા છે. એકલા મુંબઇમાંથી ૨૫ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. કર્ણાટકમાં દરીયા કાંઠેથી પસાર થયેલા વાવાઝોડાએ વિનાશ વેરતા ૪ના મોત થયા છે. સેંકડો વૃક્ષો અને વિજ થાંભલા ધરાસાઇ થઇ ગયા છે, સેંકડો મકાનોને નુકશાન થયું છે. ગોવામાં ૫૦૦ મકાનોને નુકશાન થયું છે. મુંબઇ, ગોવા, કર્ણાટક તથા કેરળમાં નૌકાદળ તૈનાત કરવામાં આવ્યું છે. જલગાવમાં એક છાપરા પર વૃક્ષ પડતા બેના મોત થયા હતા. મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શકયતા છે. કેરળમાં પણ અતિ ભારે વરસાદ થવાની શકયતા છે. ગુજરાત સહિતના પાંચ રાજયોના દરીયા કાંઠે વાવાઝોડાનું મહાસંકટ સર્જાયું છે.

## શહેર ભાજપમાં ખાલી પડેલ બેઠકમાં નવનિયુક્ત હોદ્દેદારોની જાહેરાત કરતા મિરાણી

# શહેર ભાજપની ૧૧૨ સભ્યોની જમ્બો કારોબારી



### શહેર ભાજપ મહામંત્રી તરીકે નરેન્દ્રસિંહ ઠાકુર, ઉપપ્રમુખ તરીકે વિક્રમ પુજારા, પરેશ હુંબલ, અશોક લુણાગરીયા, સોનલબેન ચોવટીયા, કલ્પનાબેન ક્યિાડા, શહેર ભાજપ મંત્રી તરીકે રક્ષાબેન વાયડા, અરૂણાબેન આડેસરા, દીપાબેન કાચાની વરણી

### શહેર ભાજપ કારોબારીમાં ૬૯ નો સમાવેશઃ શહેર ભાજપના કાયમી આમંત્રીત સભ્યોમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદો ધારાસભ્યો, પ્રદેશના હોદ્દેદારો અને શહેર ભાજપના વરિષ્ઠ આગેવાનોનો સમાવેશ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૭

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સાથે વિચાર-વિર્મશ કર્યા બાદ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ મહાનગર પાલિકાની ચૂંટણી સંપન્ન થયા બાદ શહેર ભાજપમાં ખાલી પડેલ બેઠકો માટે નવનિયુક્ત હોદેદારોની જાહેરાત કરેલ છે.

મહાનગરપાલિકાની ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટીના એક વ્યકિત, એક હોદો ના સિધ્ધાંતને અનુસરીને આ નિયુકિત કરવામાં આવેલ છે. જેમાં શહેર ભાજપ મહામંત્રી તરીકે નરેન્દ્રસિહ ઠાકુર, ઉપપ્રમુખ તરીકે વિક્રમ પુજારા, પરેશ હુંબલ, અશોક લુણાગરીયા, સોનલબેન ચોવટીયા, કલ્પનાબેન ક્યિાડા, શહેર ભાજપ મંત્રી તરીકે રક્ષાબેન વાયડા, અરૂણાબેન આડેસરા, દીપાબેન કાચાની વરણી જાહેર કરવામાં આવી છે તેમજ શહેર ભાજપ કારોબારીમાં ૬૯ નો સમાવેશ કરવામાં આવેલ છે તેમજ શહેર ભાજપના કાયમી આમંત્રીત સભ્યોમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીથી લઈ સાંસદો, ધારાસભ્યો, પ્રદેશના હોદેદારો અને શહેર ભાજપના વરિષ્ઠ આગેવાનો નો સમાવેશ કરવામાં આવેલ છે, તેમજ વિશેષ આમંત્રીત સભ્યો માં ૧૧૨ આગેવાનો સહીત જમ્બો કારોબારી શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડે જાહેર કરેલ છે.

**મહાનગરપાલિકાની ચૂંટણી બાદ ભાજપના 'એક વ્યકિત એક હોદ્દાને સિધ્ધાંતને અનુસરીને નિયુકિત કરવામાં આવીઃ મિરાણી, કોઠારી, રાઠોડ**

આ તકે શહેર ભાજપની આ નવનિયુક્ત ટીમને પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારધ્વાજ, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, મેયર ડો. પ્રદીપ ડવ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, મહીલા મોરચા પ્રભારી અંજલીબેન રૂપાણી સહીતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી.

# સોશિયલ મીડિયામાં મોદી વિરૂધ્ધ ટીપ્પણી કરનાર યુવાનને ભારે પડ્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

### ઓ.બી.સી જાગરણ મંચનાંપ્રમુખને ગંભીર બિમારી હોવા છતાં પોલીસે ગોંધી રાખ્યાનો આક્ષેપઃ કલેકટર મારફત મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત

રાજકોટ, તા.૧૭

શહેરનાં સામાકાંઠે દૂધસાગર રોડ પર એચ.જે સ્ટીલ પાસે રહેતા યુવાનને સોશિયલ મીડિયામાં મોદી વિરૂધ્ધી ટીપણી કરતા સાયબર સેલ પોલીસે યુવાનને ગોંધી રાખી નાગરીક અધિકારનો ભંગ કરી અત્યાચાર કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગેની વિગત મુજબ સામાકાંઠે રહેતા અને ઓ.બી.સી જાગરણ મંચનાં પ્રમુખ અને ગંભીર બિમારીમાં સંકળાયેલા રવિભાઈ ચૌહાણ ને બે દિવસ પોલીસે ગોંધી રાખી અત્યાચાર કર્યા હોવાનું ઓ.બી.સી આગેવાનોએ વિરોધ કરી કલેકટર મારફતે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. ઓ.બી.સી આગેવાનો આરીફભાઈ ધોનીયા અરવિંદભાઈ પ્રજાપતિ સહિતનાં આગેવાનોએ રજૂઆત કરી છે કે ઓ.બી.સી. જાગરણ મંચ- ના અધ્યક્ષ અને સામાજીક આગેવાન રવિભાઈ ચૌહાણને ફેસબુક પર કોઈ અન્યની પોસ્ટ શેર કરવા બાબતે પુછપરછ માટે સાયબર ક્રાઈમ- રાજકોટની ટીમ તા.૧૩-૦૫-૨૧ નાં બપોરે લઈ ગયેલ ત્યારબાદ ફરી સાંજે પાંચ વાગ્યે હાજર થવાનું કહી કલમ ૧૫૧ મુજબ કાર્યવાહી કરવાનું જણાવેલ હતું. મોડી સાંજે મુકત કરી સવારે જામીન લઈ આવવા જણાવેલું હતું. તા.૧૪-૫-૨૧ ના રોજ ૧૦:૩૦ કલાકે સાઈબર ક્રાઈમની ઓફિસે હાજર થયેલ રવિભાઈને બપોરે મામલતદાર પશ્ચિમ જોનમાં રજુ કરી જામીન લેવડાવેલ હતા. મામલતદાર ઓફિસથી ફરી સાયબર ક્રાઈમની ઓફિસે લઈ જઈ વિના કારણે સાંજના સાત વાગ્યા સુધી ગોંધી રાખવામાં આવેલ હતા. પોલીસ કાર્યવાહીની શરૂઆતમાં જ રવિભાઈએ પોતે લીમ્ફોમાં નામનાં બ્લડ કેન્સરથી પીડીત હોય તેમજ કોરોનાની બીમારીથી બહાર આવેલ હોય તેમજ તેમની પત્નીનું કોરોનાની બીમારીમાં અવસાન પામેલ હોય એવી જાણકારી આપેલ હતી. તેમ છતાં કેન્સર ગ્રસ્ત વ્યકિતને જામીન રજુ કર્યા પછી પણ પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખવા એ નાગરીક અધિકારોનું હનન છે. એટલું જ નહીં આ ગેરકાયદેસર કૃત્ય પણ છે.

આજે શોશ્યલ મીડીયમાં હજારો લોકો જાણ્યે, અજાણ્યે બીજાની પોસ્ટ શેર કરતા હોય છે. પોતાના વિચારો, મંતવ્યો રજુ કરવાની અભિવ્યકિતની આઝાદી ભારતના સંવિધાને આપેલ છે. અમારા માનવા મુજબ બીજાની યોગ્ય પોસ્ટ શેર કરવી કોઈ ગુનો બનતો નથી. આમ છતાં રવિભાઈને સતત બે દિવસ વારંવાર બોલાવી જામીન આપવા છતાં ગોંધી રાખી પરેશાન કરવામાં આવે છે. પોલીસ તંત્ર કોઈના દબાણ હેઠળ કામ કરી રહયું હોય તેમ જણાય છે.

સોશિયલ મીડીયમાં આક્રોશ વ્યકત કરે તો પોલીસ તંત્રનો દુર ઉપયોગ કરીને સરકાર ગેરબંધારણીય દમનકારી પગલાઓ ભરી રહી છે. જેની સામે ઓ.બી.સી. સમાજના આગેવાનો નારાજગી વ્યકત કરે છે. આવી ગેરકાયદેસર કાર્યવાહી ભવિષ્યમાં ન કરવા સરકારને અપીલ કરે છે.

# નાડોદાનગર અને કોઠી કમ્પાઉન્ડમાં જુગાર રમતા આઠ ઝડપાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

જંગલેશ્વર પાસે આવેલા નાડોદાનગરમાં જાહેરમાં તીનપતિનો જુગાર રમત રવિ અરવિંદ પરમાર, નાનજી વિઠલ મકવાણા, વિપુલ અરવિંદ પરમાર, હેમા ડાહ્યા સંખેશ્વરીયા સહિત ચાર શખ્સોની ક્રાઈમ બ્રાંચની ટીમે ધરપકડ કરી રોકડા રૂ.૧૨૫૪૦ કબજે કર્યા છે. જયારે અન્ય એક દરોડામાં પ્ર.નગર પોલીસે કોડી કમ્પાઉન્ડમાં જાહેરમાં તીનપતિનો જુગાર રમતા કાન્તી છગન વાણીયા, રાજુ પુરાસ્વામી આદીદ્રાવીડા, સુરેશ ગોવિંદ આદીદ્રાવડા, કામરાજ વેલુસ્વામી આદીદ્રાવીડા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રૂ.૧૦૪૫૦ કબજે કર્યા છે.

# હળવદ ટીકર (રણ) ગામમાં ૨૦૦ લોકોનું સ્થળાંતર



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

હળવદ,તા.૧૭

સૌરાષ્ટ્રના જિલ્લામાં અને કચ્છમાં કેટલીક જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે ત્યારે તાઉતે વાવાઝોડું ગુજરાતમાં ટકરાવાની સંભાવના છે, ત્યારે હળવદના ટીકર(રણ) ગામે સેવાભાવી લોકો દ્વારા સાવચેતીના ભાગરૂપે ૨૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ખરાવાડમાં વિસ્તારમાંથી થી સ્કૂલમાં સ્થળાંતર કરવામાં આવ્યું છે. વાવાઝોડાની આગાહી લયને તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ કાર્યરત કરાવવામાં આવ્યા છે.તેજ પવન ફુંકાયા હતો. રણકાઠા વિસ્તારમાં વાવાઝોડાના પગલે પવનના સૂસવાટા વચ્ચે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો.(૧.૫)

# કોરોના પીડિતોની સહાય માટે રૂા.૨૫ લાખ અર્પણ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

સોમનાથ,તા.૧૭

કોરોના મહામારીના બીજા ચરણમાં પ્રખર રામચરિતમાનસ કથાકાર પૂજ્ય મોરારી બાપુની સળંગ ૮૫૯મી રામકથા- માનસ વિનય પત્રિકા-ને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ નજીકના રામજી મંદિર સંકુલમાં ખૂબ મર્યાદિત શ્રોતાઓ સમક્ષ રવિવારે બપોરે વિરામ અપાયો.

આ કથાના એકમાત્ર આયોજક રાધનપુરવાળા કિરીટભાઈના હસ્તે પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં સોમનાથ મંદિરના વહીવટદાર શ્રી ચાવડાને રૂપિયા ૨૫ લાખનો ચેક સોમનાથ વિસ્તારના કોરોના પીડિતોની સહાય અર્થે અર્પણ કરવામાં આવ્યો.૮૫૮ મી રામપરા-રાજુલાની કથામાં પણ પૂજ્ય બાપુ દ્વારા સાવરકુંડલા, તાલાલા,રાજૂલા, મહુવા- ચાર તાલુકાને એક કરોડની સહાય કોરોનાપીડિતો માટે આપવામાં આવી હતી.

**આવતીકાલથી રામકથાનું પુનઃ પ્રસારણ**

સન ૨૦૦૨ ના નવેમ્બરમાં પૂજ્ય બાપુએ ભગવાન વિષ્ણુના અવતાર સમા ચારધામમાંના સુપ્રસિદ્ધ મંદિર ઓરિસ્સાના ભગવાન જગન્નાથજીના સાનિધ્યમાં -માનસ જગન્નાથ- ૫૮૫મી રામકથાનું ગાન કર્યું હતું જેનું પુનઃપ્રસારણ તા. ૧૮ થી ૨૬ મે દરમિયાન સવારે રોજ દસ વાગ્યે થનાર છે જેનું બાપુના ફ્લાવર્સ-અન્ય શ્રોતાઓ ઘરમાં જ રહીને રસપાન કરે તેવી અપીલ થઈ છે.(૧૪.૧૨)



# કોરોનાગ્રસ્ત વૃધ્ધ દંપતિનું જીવન બચાવવા હાઈકોર્ટનો માનવતાને મહેકાવતો ચુકાદો



### બીલ બાકી હોવા છતા ખાનગી હોસ્પીટલે માનવતાના ધોરણે સારવાર ચાલુ રાખવાનું સરાહનીય કાર્યઃ ગોગીયા એડવોકેટે છતાં વિનામૂલ્યે હાઈકોર્ટમાં કેસ લડી વ્યવસાયીક સિધ્ધાંતો સંદર્ભે પ્રેરણારૂપ ફરજ દાખવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૭

હાલમાં કોરોના કાળમાં તબીબી સેવાઓ મોંઘીદાટ થઇ રહી છે. ઉપરાંત અમાનવીય તકસાધુઓ આરોગ્યલક્ષી દવાઓ અને સેવાઓમાં કાળા બજારી આચરી રહ્યા છે જેના કારણે મધ્યમવર્ગીય પરિવાર મોંઘીદાટ ફી અને ખર્ચ ચૂકવી મજબુરીનો સામનો કરી રહ્યા છે તે નરી વાસ્તવિક્તા હોવા છતા પણ તેની સામે દર્દીઓ સાજા થાય તેવી કોઇ ગેરેન્ટી હોતી નથી અને ખાસ કરીને મધ્યમવર્ગીય સીનીયર સીટીઝનની મરણમૂડી સમાન થાપણો મોંઘીદાટ હોસ્પટીલની ફી ચૂકવવાથી ઘસાવા લાગી છે તેવા હૈયાને હચમચાવતા અનેક કિસ્સાઓ બહાર આવી રહ્યા છે.

દર્દીઓ સાજા થયા પછી પણ વરિષ્ઠ નાગરીકો આવક અને મૂડી વગર તેમનું જીવનનિર્વાહ કેમ કરી શકશે તે કરૂણ પ્રશ્ન છે. તેવા સમયે ખારા રણમાં મિઠી વિરડી સમાન હોસ્પીટલ, એડવોકેટ અને હાઇકોર્ટએ દાખવેલ માનવીય અભિગમને બીરદાવવા લાયક એક કિસ્સા અનુસાર ગુજરાત હાઇકોર્ટે માનવતાને મહેકાવતો માનવીય ઐતિહાસીક ચુકાદો આપેલ છે, તેની વિગત નીચે મુજબ છે.

આ કેસની હકીક્તો એવી છે કે અમદાવાદ મુકામે આનંદકુમાર હિંગોરાની કે જેમની ઉ.વ.આ.૮૬ વર્ષ છે, તેમને તથા તેમના પત્નિને કોરોનાનું ગંભીર ઇન્ફેકશન થતા તેઓ બન્નેને અમદાવાદ મુકામેની ખાનગી સર્જીકલ હોસ્પિટલ ખાતે તા.૧૮-૦૪-૨૦૨૧ અને તા.૨૧-૦૪-૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ.

આનંદકુમાર હિંગોરા તે નિવૃત્ત રેલ્વે કર્મચારી છે. તેમની મરણમૂડી સમાન બચતો બેંક ઓફ ઇન્ડિયા, અમદાવાદમાં ફિક્સ્ડ ડિપોઝીટના સ્વરૂપે રાખેલ હતી. આ ડીપોઝીટ આનંદકુમાર અથવા તેમના પત્નિની સહીથી ઉપાડી શક્વાની બેંકને લેખિત સુચના હતી. વધુમાં અસલ ડીપોઝીટ રસીદો પણ આનંદકુમાર હિંગોરાની પાસે હતી. કોરોનામાં ઇલાજ દરમ્યાન આનંદકુમારના પત્નિનું અવસાન થયેલ.

આનંદકુમાર અને તેમના પત્નિના ઇલાજ પાછળ ખૂબજ મોટો દૈનિક ખર્ચ થતો હતો / થાય છે. આનંદકુમારને બે પુત્રીઓ છે. બન્ને પુત્રીઓ પરણિત છે. તે પૈકી એક પુત્રી કોમલ મહેશ બાલચંદાણી અમદાવાદ રહે છે તથા અન્ય પુત્રી અમેરીકા મુકામે રહે છે. અમદાવાદ મુકામે રહેતી પુત્રી અને જમાઇ એ આનંદકુમાર અને તેમની પત્નિના હોસ્પિટલના બિલ્સ પોતાની બચતમાંથી ભરવાનું શરૂ કરેલ. પરંતુ થોડાક દિવસોમાં દીકરી-જમાઇની બચતની રકમો પણ વપરાઇ ગયેલ.

પોતાની બચતની રકમો વપરાઇ જતા દીકરી / જમાઇએ બેંક ઓફ ઇન્ડિયા-અમદાવાદ ને વિનંતી કરેલ કે આનંદકુમાર હિંગોરાની બચત / ડિપોઝીટની રકમો દીકરી કોમલને ઉપાડવા પરવાનગી આપે જેથી આનંદકુમારનો ઇલાજ થઇ શકે. અસલ ડિપોઝીટની રસીદો પુત્રી કોમલ પાસે હતી નહિ કેમ કે તે પિતા પાસે હતી અને પિતા આનંદ વેન્ટિલેટર ઉપર કોરોનાનો ઇલાજ લેતા હતા જેથી તેઓ અસલ ડિપોઝીટ રસીદો આપી શકે કે સહી કરી શકે કે બેંક આવી શકે તેવી માનસિક અને શારીરિક સ્થિતિમાં ન હતા. જેથી બેંક દ્વારા પણ ડિપોઝીટની રકમ દીકરીને આપવા અસમર્થતા દર્શાવવામાં આવેલ. તે વાત ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત ખાનગી હોસ્પિટલ દ્વારા બિલની રકમો બાકી હોવા છતા માનવતા દાખવી ઇલાજ સારી રીતે ચાલુ રાખેલ.

દવાખાનાની રોજની બિલનો રકમો-વેન્ટિલેટર પર દર્દી હોવાથી ઘણી મોટી રકમો થતી હતી. જે રકમો ચૂકવવા અને ઇલાજ ચાલુ રાખવા દીકરી - કોમલ અસમર્થ થતા દીકરી દ્વારા તેમના પિતાના ઇષ્ટ મિત્ર તરીકે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરવામાં આવેલ અને ઉપરોક્ત હકીક્તો પીટીશનમાં વર્ણવામાં આવેલ અને નામદાર હાઇકોર્ટ પાસે દાદ માંગેલ કે આનંદકુમાર હિંગોરાની / પિતાની ડિપોઝીટ રકમોમાંથી બેંક સદર હોસ્પિટલના બિલ હોસ્પિટલનેજ તે ચૂક્વી આપે જેથી ઇલાજ ચાલુ રહી શકે અને પિતાનો જીવ બચાવી શકાય. નામદાર હાઇકોર્ટ દ્વારા તમામ હકીક્તો લક્ષામાં લઇ બેંકને આનંદકુમાર હિંગોરાની ડિપોઝીટની રકમમાંથી સદર દવાખાને ઇલાજ ચાલુ રહે અને કોરોનાના ઇન્ફેકશનમાંથી દર્દી સંપૂર્ણ બહાર ન આવે / સ્વસ્થ ન થાય ત્યા સુધી બિલ્સની રકમ ચૂકવવા હુકમ કરેલ છે. નામદાર હાઇકોર્ટનો હુકમ થયા બાદ બેંક દ્વારા આનંદકુમાર હિગોરાની ડિપોઝીટની રકમોમાંથી બિલ મુજબની રકમો સદર દવાખાનાને ચૂકવવાનું શરૂ કરી દીધેલ છે.

આ કામમાં અરજદાર / પિટીશનર વતી હાઇકોર્ટમાં ગોગીયા એન્ડ ગોગીયા એસોસીએટસ તરફથી કોઇપણ પ્રકારના ખર્ચ કે ફી વગર માત્ર માનવતાને ધ્યાને લઇ એકજ દિવસમાં પીટીશન ડ્રાફ્ટ કરીને હાઇકોર્ટમાં દાખલ કરી દીધેલ અને હાઇકોર્ટે પણ ત્વરીત સુનાવણી કરી આનંદકુમારનો જીવનદીપ જલતો રહે તે માટે અરજદારની તરફેણમાં માનવતાને મહેકાવતો માનવીય ચૂકાદો કરેલ.

### હવામાંથી ઓકિસજન ઉત્પન્ન કરી શકે તેવા પ્લાન્ટનું નિર્માણ થશે

# ગુજરાતમાં ઓકિસજનના અભાવે હોસ્પિટલમાં એકપણ દર્દીનું મૃત્યુ થયું નથીઃ રૂપાણી




રાજકોટ: વલ્લભ ભૂષણ વૈષ્ણવાચાર્ય ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજીએ કહ્યું હતું કે, માનવ સેવા કે ધાર્મિક કાર્યમાં મુખ્યમંત્રી હંમેશા તેમનો કિંમતી સમય પાઠવી સંસ્થાઓના કાર્યને પ્રેરણા પુરી પાડી રહ્યા છે

## વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા રાજકોટમાં રૂા.૬૦ લાખના ખર્ચે નિર્મિત ૩ ઓકિસજન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરતા મુખ્યમંત્રી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

વલ્લભ ભૂષણ વૈષ્ણવાચાર્યશ્રી વ્રજરાજકુમાર પ્રેરિત વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા રાજકોટ ખાતે રૂ. ૬૦ લાખના ખર્ચે ઉભા કરાયેલા ત્રણ પ્લાન્ટનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રવિવારે વર્ચ્યુઅલ લોકાર્પણ કરતા કહ્યું હતું કે, વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા કોરોના સમયમાં કરેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિ અભિનંદન પાત્ર છે.

કોરોનાની બીજી લહેર અંગે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા અંગે વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગત લહેર કરતા આ લહેરમાં સૌથી વધુ ઓકિસજનની જરૂર પડી રહી છે. ગુજરાત રાજ્ય ઔધોગીક હબ હોઈ આપણે ખુબ ઝડપથી ઓકિસજન પ્લાન્ટ અને ઉત્પાદન કરી શક્યા છીએ. ગત સીઝનમાં ૨૫૦ ટનની સામે હાલ રોજના ૧૧૮૦ ટન ઓકિસજન આપણે દર્દીઓને પૂરો પાડી રહ્યા છીએ. મુખ્યમંત્રીએ વિશ્વાસ સાથે કહ્યું હતું કે, ઓકિસજનના અભાવે રાજ્યની એકપણ હોસ્પિટલના કોઈપણ દર્દીનું મૃત્યુ થયું નથી, જયારે અન્ય કેટલાક રાજ્યમાં દાખલ થયેલ દર્દી ઓક્સિજનના અભાવે મૃત્યુ પામ્યા છે.

હાલ કોરોનાના કેઈસ ઘટી રહ્યાનું જણાવતા વિજયભાઈએ કહ્યું હતું કે, બીજી લહેરમાં માત્ર બે માસના ટૂંકા ગાળામાં આપણે ૪૧ હજાર બેડમાંથી એક લાખ બેડ તેમજ ઓકિસજન સાથેના ૧૮ હજાર બેડમાંથી આપણે ૫૮ હજાર બેડ ઉભા કરી દર્દીઓની સારવાર કરી રહ્યાનું ગૌરવ સાથે રૂપાણીએ જણાવ્યું હતું.

આવનારી સંભવિત ત્રીજી લહેર સામે આગવા આયોજન સાથે ઓક્સિજનની કંઈ ઘટ ન પડે તે માટે હવામાંથી ઓક્સિજન ઉત્પ્ન્ન કરી શકે તેવા પ્લાન્ટનું નિર્માણ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયુ હોવાનું અને જે રોજના ૩૦૦ ટન ઓકિસજન ઉત્પન્ન કરી શકાશે.

કોરોના, મયુકરમાઇકોસિસ અને વાવાઝોડા સામે રાજ્ય સરકાર હાલ ત્રિ-પાખ્યો જંગ લડી રહી છે. વાવાઝોડામાં એકપણ જાનહાની નો થાય તે માટે સમગ્ર તંત્ર હાલ પૂર્ણ કક્ષાએ તૈયાર છે.

વલ્લભ ભૂષણ વૈષ્ણવાચાર્ય ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજીએ પ્રાસંગીક ઉદબોધનમાં મુખ્યમંત્રી વિજયભાઈનો આભાર માનતા જણાવ્યું હતું કે, માનવ સેવા કે ધાર્મિક કાર્યમાં મુખ્યમંત્રી હંમેશા તેમનો કિંમતી સમય પાઠવી સંસ્થાઓના કાર્યને પ્રેરણા પુરી પાડી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, હાલમાંજ મુખ્યમંત્રી દ્વારા કોરોનામાં અનાથ બાળકો માટે સહાય જાહેર કરી સાચા અર્થમાં રાજ સેવકની વિભાવના પુરી પાડી છે. વ્રજરાજકુમારજી દ્વારા કોરોનમાં સંસ્થા દ્વારા કરવામાં આવેલ કામગીરીનો ઉલ્લેખ કરી સંસ્થા દ્વારા હંમેશા લોકકલ્યાણના કામોમાં રાજ્યની સાથોસાથ સેવા પ્રવૃત્તિ કરી સહયોગ પૂરો પાડશે.

વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા સંસ્થા દ્વારા રાજકોટ ખાતે પ્રતિ મિનિટ ૩ ટનના ઉત્પાદન ક્ષમતા સાથેના ૩ પ્લાન્ટ સિવિલ હોસ્પિટલ, એન.આઈ.સી.યુ. વોર્ડ તેમજ કેન્સર હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ કરાયા છે, તેમજ રાજ્યના અન્ય શહેરોમાં કુલ ૧૯ પ્લાન્ટ તેઓ દ્વારા સ્થાપિત કરાશે. રાજકોટ ખાતે નિર્મિત આ પ્લાન્ટ અમેરિકા સ્થિત શ્રી રમેશભાઈ રાખોલીયા, પુનિતભાઈ ચોટલીયા, તેમજ વી.વાય. ઓ. યુ.કે. પરિવાર દ્વારા દાનમાં અપાયા છે.

સંસ્થાના મૌલેશભાઇ ઉકાણીએ સંસ્થા દ્વારા કરવામાં આવતી સેવા પ્રવૃત્તિનો ચિતાર સ્વાગત પ્રવચનમાં આપ્યો હતો.

રાજકોટ ખાતે આયોજિત કાર્યક્રમમાં મેયર પ્રદીપ ડવ, ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, લાખાભાઇ સાગઠીયા, સ્ટે. કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ તેમજ વી.વાય.ઓ. પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.(૧.૩)

# પિતાના પગલે ચાલતા પુત્રની સ્મશાનમાં સેવા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઉપલેટા,તા.૧૭



## ઉપલેટાની મિશન અભિમન્યુ ટીમમાં જોડાઈને ૧૧ વર્ષના પુત્રની મૃતકોને અગ્નિદાન

ઉપલેટાના રહેવાસી એવા શિક્ષક હરેશભાઈ મેણસીભાઈ સુવાએ પોતાના ૧૧ વર્ષના પુત્ર અર્જુનને પણ મિશન અભિમન્યુમાં જોડ્યો છે. ઉપલેટાના શિક્ષક હરેશભાઈ સુવાની સેવાકીય કામગીરી જોઈ તેમનો ૧૧ વર્ષનો પુત્ર અર્જુન પણ તેમની સાથે જોડાયો માનવતાવાદી સેવાકીય કાર્યોમાં જોડાયો છે. હાલની કોરોના મહામારીના સમયે ઘણા વ્યકિત સ્મશાને પોતાના કોઈ પણ સ્વજન મૃત્યુ પામ્યા હોય તો તેને અડતા પણ નથી અને તેને અગ્નિદાન દેવા પણ નથી આવતા ત્યારે આ ઉપલેટા સ્મશાને દિવસ-રાત સેવા આપતા સેવકોએ નક્કી કર્યુ કે ભલે જીવનું જોખમ લેવું પડે પણ કોરોનાથી કોઈ પણ વ્યક્તિ મૃત્યુ પામે તો એ એમની અંતિમ વિધિ વગરના નહિ રહેવા જોઈએ અને ત્યાર પછી એમને નીડર લડવૈયાઓની ટીમ બનાવી અને એનું નામ આપ્યું છે મિશન અભિમન્યુ ત્યારે આ મિશન અભિમન્યુની વાત એ છે કે આ ગ્રુપમાં સેવા આપતા શિક્ષકે પોતાના ૧૧ વર્ષના પુત્ર અર્જુનને જોડ્યો અને પુત્ર પણ પિતાની જેમ સ્મશાનમાં સેવા આપે છે.(૧૪.૯)

# માળીયાહાટીના લાઠોદ્રા ગામે શાંતિ યજ્ઞ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માળીયા હાટીના,તા.૧૭

### યજ્ઞમાં ખાસ ઔષધિનું હોમાકરણ સાથે લોકોના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરાઈ

હાલમાં ચાલી રહેલા કોરોના વાઇરસની તો સમગ્ર વિશ્વના મોટા ભાગના દેશોમાં કોરોના વાઇરસનું સક્રર્મણ વધી રહીયું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના મહામારી કારણે માનવ જીંદગી મોતના મુખમાં હોમાઈ રહી છે.

ત્યારે માળીયા હાટીના તાલુકાના લાઠોદ્રા ગામે આજે ગામ લોકો અને ગામના આગેવાનોએ મળી સમગ્ર વિશ્વમાંથી કોરોના વાઇરસ નાશ પામે અને લોકો સ્વસ્થ થાય તે માટે શાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું આ શાંતિ યજ્ઞમાં ખાસ પ્રકારની ઔષધિ સાથે કપૂર ,તજ પતા ,ગાય નું ઘી વગેરે વગેરે નો હોમ કરવામાં આવ્યો હતો ભગવાન શિવને ચરણે લોકોનુ સ્વાસ્થ્ય સારૂ રહે તેવી પ્રાર્થના કરી હતી

આ શાંતિ યજ્ઞ દરમિયાન માત્ર ગામના જુદા જુદા સમાજના માત્ર ૭ થી ૮ આગેવાનો સાથે ગોરબાપા ઉપસ્થિત રહ્યા.

આ યજ્ઞ દરમિયાન લાઠોદ્રા ગાકના પૂર્વ સરપંચ વિક્રમભાઈ લાખાણી, હાલના સરપંચ ડાયાભાઈ સૌંદરવા સાથે ગામના આગેવાન પરબતભાઇ વાઢીયા, ભુપતભાઇ લાખાણી, ભુપતભાઇ ડોડીયા, અજિતભાઈ બારડ સાથે સેજાભાઈ કરમટા, રતીભાઈ કોરિયા, પ્રફુલભાઈ લાડવા સાથે વિપુલભાઈ શાસ્ત્રી દ્વારા આ યજ્ઞમાં હોમ હવન કરવામાં આવ્યું હતું.(૧૪.૧૦)

### નમ્રમુનિ મહારાજના માનવતા પ્રેરક પ્રવચન સાંભળીને

# ૨૧ લાખના સોનાના ઘરેણા કોરોના ગ્રસ્તની સહાય માટે અર્પણ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૭

અકલ્પનીય વેદના અને ભયનું આતંક મચાવી રહેલી કોરોના મહામારીના આ દુષમ કાળમાં રોજબરોજ ચારે તરફથી જ્યારે અનેક પ્રકારની દર્દનાક ઘટનાઓ અને દ્રશ્યો સામે આવી રહ્યાં છે ત્યારે, એની વચ્ચે માનવતાના ઝળહળતા દીપક પ્રગટાવતી કોઈ ઘટના પર હૃદય સો સો સલામી ભરી રહ્યું છે.

કોરોનાના આવા કપરા કાળમાં કેટલાય એવા ભાવિકો છે, જે અન્યની સહાયતા કરવામાં જ જીવનનું તથ્ય રહેલું છે એવું માને છે અને એવું જ એક માનવતાનું દીપ પ્રગટાવી રહ્યાં છે. બોરીવલીના ભારતીબેન નવીનચંદ્ર શેઠએ મહામારીનાં સમયમાં જરૂરિયાતમંદ લોકોની સહાય માટે પહેરેલા ૨૧ લાખના સોનાના ઘરેણા અનુદાનમાં અર્પણ કરીને અંતરની દયા અને કરૂણાના દર્શન કરાવ્યા.

યુ - ટ્યુબ પર દરરોજ ટેલીકાસ્ટ કરવામાં આવતાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજનાં માનવતા અને જીવદયાના પ્રેરક બોધ પ્રવચનોને સાંભળીને ભારતીબેનનું હૃદય કરૂણાભાવથી ભીંજાઈ જતાં પોતે પહેરેલા સોનાના ઘરેણાંનુ અનુદાન આપતાં કહ્યું હતું કે પહેરેલું સોનુ કદી આપણી શોભા ન બની શકે, પરંતુ અન્યની સહાય કરીએ તે આપણું ખરું સોનું અને સૌભાગ્ય છે! સલામ છે.

ભારતીબેનની આ ઉમદા ભાવનાને, અને વારંવાર સલામી છે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ જેવા સંતોને જે કુદરતનાં કહેર વચ્ચે પણ હજારો હૃદયમાં માનવતાના દીપક પ્રજ્વલિત કરવાનો ઉપકાર કરી રહ્યાં છે.(૧.૧)

### જૂનાગઢનાં ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાની સંવેદનાને સો-સો સલામ

# પિતાની સારવાર માટે યુવાનને મદદરૂપ બન્યા

### ગત વર્ષે લોકડાઉનમાં ૬૦ થી વધુ રીક્ષાવાળાઓને ઘરવખરીની કિટ અપાવી હતી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

જૂનાગઢનાં માંગનાથ રોડ પર કોલ્ડડ્રીંકસની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા યુવાને જૂનાગઢનાં ડીવાય એસપી તરીકે ફરજ બજાવતા પ્રદિપસિંહ જાડેજાને રૂબરૂ મળી વિનંતી કરી કે મિની લોકડાઉનનાં કારણે દુકાન બંધ છે. મારી દુકાનને ૨ થી ૪ કલાક માટે ખુલ્લી રાખવાની મંજૂરી આપો. મારા પિતા બિમાર છે. વધુ સારવાર માટે રાજકોટ લઇ ગયા છીએ. સારવારમાં બધી બચત પૂરી થઇ ગઈ છે. પિતાની સારવાર માટે દવા લેવા માટે પૂરતી રકમ નથી. જો મને દુકાન ખોલવાની મંજૂરી આપો તો પપ્પાની દવા લઇ શકું.

પ્રદિપસિંહએ પેલા યુવાનને કહ્યું, જો ભાઈ હું તારી પરિસ્થિતિ સમજી શકું છું પણ તને એકને દુકાન ખોલવાની મંજૂરી આપું તો બાકીના વેપારીઓને અન્યાય થાય. અત્યારે આપણા જૂનાગઢમાં જાહેરનામું અમલમાં છે જે મુજબ જીવનજરૂરી ચીજવસ્તુ સિવાયની વસ્તુ કે સેવા આપતી દુકાન ખુલી ન રાખી શકાય એટલે તને દુકાન ખોલવાની મંજૂરી તો ન આપી શકાય પણ આપણે વચ્ચેનો કોઈ રસ્તો કાઢીએ જેનાથી નિયમનું પાલન પણ થાય અને તમારું કામ પણ થાય. દવાઓ લેવા માટે કેટલી રકમની જરૂર છે ? પેલા યુવાને જેટલી જરૂર હતી એ રકમ કહી એટલે પ્રદિપસિંહ પોતાના ખિસ્સામાંથી પાકીટ કાઢીને દવા માટે જરૂરી રકમ કાઢી યુવકના હાથમાં મૂકી દીધી. વેપારીને પણ રકમ સ્વીકારવામાં હીંચકિચાટ થતો હતો. પ્રદિપસિંહે કહ્યું લઇ લે ભાઈ, અત્યારે તારે જરૂર છે. સરકાર મને ઘણો પગાર આપે છે. છતાં તને એવું લાગતું હોય તો તારી પાસે જ્યારે વધુ રકમ ભેગી થાય તે દિવસે પાછા આપી જજે. પેલો યુવાન એક પોલીસ અધિકારીના સંવેદનશીલ હૈયામાંથી વહેતી માનવતાના ઝરણામાં તરબોળ થઈને રકમ લઇ જતો રહ્યો.

ગયા વર્ષે લોકડાઉનમાં પણ અમુક રિક્ષાવાળાઓએ જાડેજાને મળીને પોતાની વ્યથા રજુ કરી ત્યારે એક સામાજિક સંસ્થા સાથે સંકલન કરીને ૬૦થી વધુ રિક્ષાવાળાઓને બે વખત ઘરવખરીની તમામ કીટ અપાવી હતી.

# ''ઝરૂખો''

## માણસની ગુલામી

આપણી આસપાસ અને દુનિયામાં હકીકતે માણસો બે પ્રકારનાં હોય છે. માલિક અને ગુલામ. માણસ સારા, ખરાબ, લાંબા-ટૂંકા, જાડા-પાતળા એવી કોઈપણ કેટેગરી માણસને લાગુ પડતી જ નથી. તમે અને હું મોટાભાગે ગુલામ પ્રકારનાં માણસોમાં આવીએ છે. ભાગ્યે જ કોઈ જગ્યા એ આપણે માલિક હોય શકીએ છે. સી.એ થયેલા કે પછી ડોકટર થયેલા માણસો પણ જયારે નોકરી કરે છે. ત્યારે તે પોતાની પરિસ્થિતિનો, પોતાની લાલચનો કે પછી પોતાની જરૂરીયાતનો ગુલામ હોય છે. કોઈ કંપની તેને ચોક્કસ રકમ પગારમાં આપતી હોય આમ તેનું જીવન તેની આસપાસ ગોઠવાઈ જાય છે. આમ તે પરિસ્થિતિનો ગુલામ થતો જાય છે. પોતાની લાઈફ-સ્ટાઇલને સાચવવા તે જે તે કંપની કે સંસ્થાની માનસિક ગુલામીમાં જોતરાઈ જાય છે. આમ તે પોતાની આવડત ત્યાં જ નિચોવી નાખે છે. તેવી જ રીતે એક ફકીર માણસ જેની પાસે મેળવવાનું કાંઈ જ નથી છતાં તે પોતાની વાતોથી ધનિકોને, સેલેબ્સને અને ઘણા લોકોને આકર્ષે છે. ભવિષ્યનો ભય બતાવીને અને જાતનાં ઉધ્ધારનો વાર્તાઓ કરી તેમને પોતાના માનસિક ગુલામ બનાવે છે. આમ, નોકરી કરનારી દરેક વ્યક્તિ પોતાની જ સુપિરિયરનો જ ગુલામ હોય છે. દરેક બિઝનેસમેન પોતાના ક્ષેત્રમાં વધારે સફળ હોયતેવા માણસની પાછળ પાગલ હોય છે. હકીકતમાં જોવા જઈએ તો માણસને કોઈ ગુલામ બનાવતું નથી પણ તે જાતે જ ગુલામ બનવાનું પસંદ કરે છે.



જાગૃતિ દવે મિશ્રા (બરોડા)

આ વાસ્તવિકતા લોકો સ્વીકારશે નહી. આ દિશામાં વિચારે તો ખરેખર માણસ શા માટે બીજાના ગુલામ થવાનું પસંદ કરે છે. એમાં બે બાબતો એવી છે જે દરેક વ્યક્તિને ગુલામ બનાવે છે તે છે ભય અને લાલચ. આ બે બાબતો એવી છે જે ભલભલાને ભેરવી નાખે છે. હમણાનું ઉદાહરણ લઈએ તો એક વ્યક્તિને પોતાની નોકરીમાં ૬૦,૦૦૦ મળતા હતા પણ કોરોનાકાળમાં તે કંપનીમાં તેનો પગાર ૪૫,૦૦૦ કરી દેવાયો. આમ, અહીં તે વ્યક્તિ સૌથી પહેલા પરિસ્થિતિનો ગુલામ થઇ ગયો. તેની પાસે હાલમાં કોઈ નોકરીનો વિકલ્પ ન હતો. એટલે તેના મનમાં ભય જાગ્યો. બીજી તરફ જે કંપની ઓછા પગારમાં રાખે તે ના પાડી દેશે. તો આવતી આવક પણ બંધ થઇ જાય તો પરિવારનું શું? તેથી મનમાં ભય વધ્યો એના કારણે તેનામાં ક્ષમતા હોવા છતાં તે ગુલામી સ્વીકારશે. આમ પોતાનું નુકશાન થવાનો ભય વ્યક્તિને ગુલામી સ્વિકારવા મજબૂર કરી દે છે. તો બીજી તરફ છે લાલચ. એટલે કે સ્વાર્થ જે દરેક વ્યક્તિમાં જોવા મળે છે. તમામ આવક, લાભ અને ભવિષ્યનાં લાભની લાલચ જાગે ત્યારે વ્યક્તિ ગમે તે કરવા તૈયાર થાય છે. નવી ઓફીસ ખોલવી, નવો બિઝનેસ શરુ કરવો વગેરેમાં ઘણા કહેવાતા ધર્મગુરુઓ ભવિષ્યનાં લાભ અને હાની બતાવીને ભણેલાને હાઈલી પ્રોફેશનલ લોકોને પોતાના દાસ બનાવે છે. આમ, લાભ અને લાલચ પણ ભય જેટલા જ જોખમી છે. આપણા સંબંધો પણ ગુલામી કરવાને કરાવવાનો મુખ્ય સ્ત્રોત છે. સમાજ શું કહેશે, લોકો શું કહેશે, સંબંધોનું શું, આગળ જતા આપણે લોકોની વચ્ચે રહેવાનું છે. આવી વાતોના કારણે આપણે ગુલામી કર્યા કરીએ છે. આમ સંબંધોનાં નામે કોઈના શરણે જવું અને કોઈને શરણે લાવવા આપણા માટે ખૂબ જ સરળ છે. માત્ર લાગણીનાં આધારે ટકેલા સંબંધો કરતા સ્વાર્થ, ભય અને ગુલામીનાં આધારે ટકેલા સંબંધો વધારે હશે. એટલે મિત્રો મૂળ વાત એટલી જ છે કે પોતાની માનસિકને શારીરિક ક્ષમતાઓ ઉપર વિશ્વાસ રાખનારા વ્યક્તિઓ જયારે આત્મસમ્માન ગુમાવી અપમાન સહન કરીને પણ કામ કરે ને ત્યારે સમજી લેવું કે ભય, સંબંધ અથવા તો લાલચે તેને ગુલામ બનાવી દીધો છે.

# વાવાઝોડાના પગલે અમરેલી વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ

### વાવાઝોડા પૂર્વે ૩૩ દર્દીઓને સાવરકુંડલા ખસેડાશેઃ ફૂડ પેકેટસ તથા પૂરતા ઓકિસજન જથ્થા માટે કાર્યવાહી શરૂ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા૧૭

તૌકતે વાવાઝોડાની સંભવિત અસરોને પહોંચી વળવા અમરેલી જિલ્લા કલેક્ટર આયુષ ઓકના નેતૃત્વમાં વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. કુલ ૯૦ હજાર આસપાસ વસ્તીના ૬૦૦૦ લોકોને સ્થળાંતર કરવામાં આદેશ અપાયા છે. આજે સવારથી લો લાઈન એરિયાના કાચા મકાનોમાં રહેતા ૧૭ હજાર જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવશે. રાજુલા જાફરાબાદના ૨૦ ગામોમાં ધન્વંતરિ રથ કાર્યરત છે. સ્થળાંતરિત કરતા લોકોના રેપિડ-એન્ટિજન ટેસ્ટ કરવામાં આવશે. જાફરાબાદ-રાજુલાના ઓકિસજન પરના ૩૩ દર્દીઓને એમ્બ્યુલન્સથી સાવરકુંડલા ખસેડવામાં આવશે. ખાનગી અને સરકારી દવાખાનાઓમાં વીજ પુરવઠો જળવાય તે માટે વીજ કંપનીને પણ ખાસ સૂચના આપવામાં આવી છે. જો વીજ પુરવઠો ખોરવાય તો ડીજી સેટ કે પાવર બેકઅપ પણ રાખવાં આવશે.

ભાવનગર ખાતેથી વાવાઝોડાની ૪૮ કલાક પછી પણ ઓક્સિજન ચાલે એટલો જથ્થો ઉપલબ્ધ કરાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સાથે ૩ ડીવાયએસપી, ૨૦ જેટલા પીઆઈ/પીએસઆઈ, ૨ એનડીઆર એફની અને ૧ એસડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. રેસ્ક્યુ કે રિલીફ કાર્યની જો જરૂર લાગે તો પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ ફૂડ પેકેટ્સ બનાવવાની કામગીરી પણ હાલ ચાલુ છે.


કલેક્ટર દ્વારા તમામ લોકોને ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે તેમજ આવતા બે દિવસ માટે જાફરાબાદ અને રાજુલાના ગામોમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. જેમાં દરિયાકાંઠાથી ૨૦૦ મીટરનો વિસ્તાર ઉપર જરૂરી કામગીરી સિવાય પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ સાથે દરિયાકાંઠા વિસ્તારની ઓવરહેડ પાણીની ટાંકી ખાલી કરાવવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે અને લોકોને પીવાના પાણીની વ્યવસ્થા પુરતા પ્રમાણમાં કરી લેવા અપીલ કરવામાં આવી છે.(૧૪.૬)

### ગૌરલબેન દોશીના વર્ષીતપના પારણા નિમિતે

# રાજકોટ મહાજનની પાંજરાપોળમાં રૂા.૨.૨૧ લાખનું અનુદાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૭



સ્વ. શામજી દોમોદર દોશીનાં પુત્ર સ્વ. કેવળચંદ શામજી દોશીની પૌત્રવધુ ગોરલબેન હિરેનભાઈ દોશીના વર્ષીતપના પારણા નિમિતે રાજકોટ મહાજનની પાંજરાપોળમાં આશ્રીત અબોલ જીવો માટે રૂા. ૨,૨૧,૦૦૦ નું અનુદાન કેવળચંદ શામજી દોશી પરિવાર તરફથી આપવામાં આવેલ છે. શીતલ લાઈટીંગ (કન્ફર્ટ) અમીન માર્ગ રાજકોટ વાળા જૈન અગ્રણી ચંદ્રકાંત કેવળચંદ દોશી (ચીમનભાઈ) મો. ૯૭૧૨૯૭૫૭૪૯ ની યાદી જણાવે છે કે, કેવળચંદ શામજી દોશીનાં પૌત્રવધુ અને ચંદ્રકાંત કેવળચંદ દોશી તથા ભારતીબેન સી. દોશીના પુત્રવધુ હિરેનભાઈ સી. દોશીનાં ધર્મપત્ની ગોરલબેન આરાધના પૂર્વક વર્ષીતપનું તપ પૂર્ણ કરેલ છે. આદીનાથનાં ૪૦૦ દિવસનાં ઉપવાસ સ્મૃતિમાં અસંખ્ય ભાવિકો આજે પણ વર્ષીતપ કરે છે અને આ દિવસે પારણા કરે છે અને આ દિવસે અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજનાં નામે ઓળખાય છે.(૧.૪)

# મેટોડા જી.આઈ.ડી.સી માં હથિયાર સાથે શખ્સ ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭





લોધિકાનાં મેટોડા જી.આઈ.ડી.સી માંથી રૂરલ એસ.ઓજી ની ટીમે દેશીબનાવટનાં હથિયાર સાથે પારડીના શખ્સને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ રૂરલ એસ.ઓજી નાં પી.આઈ એ.આર.ગોહિલની સુચનાથી પી.એસ.આઈ એચ.એમ. રાણા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીનાં આધારે મેટોડા જી.આઈ. ડી.સીમાંથી હરેશ ઉર્ફે રામાઘણી હિરા પરમાર (રહે. પારડીગામ) નામના શખ્સને દબોચી લઇ તેની તપાસી લેતા તેના પેન્ટનાં નેફામાંથી એક દેશી બનાવટનો કટ્ટો (હથિયાર) કિંમત રૂ.૫૦૦૦ નો મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી રૂ.૫૦૦૦ ને દેશી બનાવટનો કટ્ટો કબજે કર્યો છે.

# જગતના તાત ખેડૂતનું દર્દીઓને નિઃસ્વાર્થ દાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માળીયા હાટીના,તા.૧૭

### માળીયાહાટીના ખેડૂતે ૮૦૦ થી ૯૦૦ નાળિયેર જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રી મોકલ્યા

સૌરાષ્ટ્રમાં ગીર લીલી નાઘેર કહેવામાં આવે છે. આ લીલીનાઘેરમાં નાળીયેરનું મોટું ઉત્પાદન થઇ છે. જયારે સોરાષ્ટ્રમાં માનવતા મહેકે છે ત્યારે હાલ આજે કોરોનાની મહામારી માં કોરોના દર્દિઓને નાળીયેરથી મોટો ફાયદો થાય છે. પરંતુ આ સમયે એક નાળીયેરના રૂપીયા ૭૦ થી રૂપીય ૧૦૦ સુધી ચુકવવા પડે છે જેથી ગરીબ દર્દિઓ આ નાળીયેર મોંઘા હોવાથી દર્દીના સગાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે માળીયા હાટીનાના લાડુડી ગામના એક ખેડુતે પોતાની ૧૦ થી ૧૨ વિઘા જમીનમાં નાળીયેરીનો બગીચો આવેલ છે. જેમાંથી આશરે ૮૦૦ થી ૯૦૦ જેટલા નાળીયેર ઉતારતા આ નાળીયેર જુનાગઢ સીવિલ હોસ્પીટલ માં દર્દિઓ માટે મોકલી અપાયા હતા ત્યારે સીવિલમાં રહેલા દરેક દર્દિઓને બે બે નાળીયેર આપી સેવા કાર્ય કરાયું હતું.


આવી હાલના કોરોના કાળમાં લીલા નાળિયેર વેચતા વેપારીઓ લુંટી રહયા છે તો કોઇ કાળા બજાર કરી રહયા છે ત્યારે લાડુડી ગામના ખેડૂતે માનવતા નું ઉદાહરણ પૂરું પાડ્યું છે.(૧૪.૮)

# વાવાઝોડાની દહેશત વચ્ચે સૌરાષ્ટ્રમાં ભૂકંપ

## કેન્દ્ર બિંદુ ઉનાથી ૧ કિ.મી. દુર : રાજકોટ, રાજુલા, જાફરાબાદ, અમરેલી, ગીર સોમનાથ પંથકમાં ધરા ધણધણી: ભૂકંપની તીવ્રતા ૪.૫

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ તા. ૧૭ : એક તરફ વાવાઝોડાની આગાહી વચ્ચે પવનના સૂસવાટા સાથે હળવો ભારે વરસાદ વરસી રહ્યો છે તો બીજી તરફ મોડી રાત્રીના રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભારે ભય પ્રસરી ગયો છે. ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરના અહેવાલમાં જણાવાયું છે કે, આજે વહેલી સવારે ૩.૩૭ વાગ્યે ઉનામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિન્દુ ઉનાથી ૧ કિ.મી. દુર દક્ષિણ દિશા તરફ હતું. આ ભૂકંપની તિવ્રતા ૪.૫ની હતી. અમરેલી જિલ્લાના રાજુલામાં પણ ૩.૩૭ વાગ્યે ભૂકંપનો અનુભવ થયો હતો. અને વહેલી સવારે લોકો સફાળા જાગી ગયા હતા. ગુજરાત સહિત આખો દેશ કોરોના વાયરસના મોટા સંકટની સામે લડી રહ્યું છે ત્યાં ગુજરાત પર વાવાઝોડાનું મોટું સંકટ આવેલું છે. આ વાવાઝોડું આગામી ૨૪ કલાકમાં ગુજરાતમાં તબાહી મચાવી શકે છે ત્યારે લોકો અત્યારે વાવાઝોડાને લઈને ભયનો માહોલ છે ત્યાં ધરતીકંપના આંચકા આવતા લોકોમાં દહેશત છે.

ગુજરાતના અમરેલી તથા ગીર સોમનાથ જિલ્લઆમાં રાત્રે ધરા ધ્રૂજી હતી. અમરેલી, ગીર સોમનાથની સાથે સાથે દીવ, ઉના, સુત્રાપાડામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે ત્યારે રાત્રે મોટા ૩ કલાક ૩૫ મિનીટે આવેલા આ ભૂકંપની તીવ્રતા ૪.૮ હોવાનું સામે આવ્યું છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાજુલા નજીક દક્ષિણ-પૂર્વમાં ભૂગર્ભમાં ૫.૨ કિ.મી.નીચે હતું. નોંધનીય છે કે આ ભૂકંપના કારણે કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનની કોઈ જાણકારી હજુ સુધી મળી નથી પરંતુ લોકોમાં એક પ્રકારના ભયનો માહોલ જોવા મળ્યો છે. આ સિવાય હવે તૌકતે વાવાઝોડું પોરબંદર, મહુવા વચ્ચેથી પસાર થઈ શકે છે જેના કારણે આખા સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે અને લોકોને ઘરની બહાર ન નીકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે, દરિયાકાંઠાના જિલ્લાઓમાં સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ રાજકોટમાં આજે સવારે રિકટર સ્કેલ પર ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ ૦૩:૩૭:૧૮ વાગ્યે સવારે રાજકોટથી દક્ષિણમાં ૧૦ કિલોમીટરની ઉંડાઇએ આવ્યો હતો.




# સારા સમાચાર: સુરતમાં કોરોનાના કેસોમાં ઘટાડો

## મૃત્યુઆંક વધીને ૧૯૭૪ થયો, રિક્વરની સંખ્યા ૧,૨૫,૩૮૧: એક્ટિવ કેસમાં સતત ઘટાડો



સુરતઃ કોરોના સંક્રમણ ધીમી ગતિએ ઘટી રહ્યું છે. સુરત મહાનગર પાલિકા અને જિલ્લા પ્રશાસન દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે કોરોના પોઝિટિવની સંખ્યા વધીને ૧,૩૫,૩૨૭ થઈ ગઈ છે. આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૧૯૭૪ થઈ ગયો છે. તેની સામે શહેરમાંથી અને જિલ્લામાંથી ૧૨૫૩૮૧ દર્દીઓ કોરોનાને માત આપી ચુક્યા છે. પોઝિટિવ કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા વધુ રહેતા એક્ટિવ કેસમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. એક્ટિવ કેસ ઘટીને ૭૯૭૨ નોંધાયા છે. શહેર જિલ્લામાં કોરોનાના કેસની સંખ્યામાં સતત ઘટાડો થઇ રહ્યો છે. ગત રોજ સતત બીજા દિવસે હજારની નીચે કેસ નોંધાયા હતા. પોઝિટિવ કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા વધુ રહેતા એક્ટિવ કેસમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. હાલ શહેર જિલ્લામાં એક્ટિવ કેસ ઘટીને ૭૯૭૨ નોંધાયા છે. હોસ્પિટલમાં કુલ ૨૩૬ દર્દીઓ સારવાર હેઠળ જે પૈકી ૧૪૬ પોઝીટીવ દર્દીઓ, ૨૨ શંકાસ્પદ દર્દીઓ, તથા ૬૮ નેગેટીવ દર્દીઓ છે. ૧૪૬ પોઝીટીવ દર્દીઓ પૈકી ૧૪ વેન્ટીલેટર, ૪૬ બાયપેપ , ૭૯ ઓકિસજન પર અને અન્ય ૭ દર્દીઓ નોર્મલ એર રૂમ પર સારવાર લઈ રહ્યા છે.

# સુરતમાં ૧૦ વર્ષથી પ્રોફેસરોને અપાતા ભથ્થામાં વધારો ન થતાં રોષ

સુરતઃ વીર નર્મદ યુનિવર્સિટી પરીક્ષાના પેપર તપાસવાના ખૂબ જ ઓછાં રૂપિયા આપતી હોવાથી અધ્યાપકોમાં આક્રોશ જોવા મળ્યો છે. વીએનએસજીયુ એક ઉત્તરવહી તપાસવાના માત્ર દસથી પંદર રૂપિયા ચૂકવે છે. જ્યારે ગુજરાત સહિતની યુનિવર્સિટી પચીસથી સો રૂપિયા ચૂકવી રહી છે. જો કે, ભથ્થામાં વધારો કરવો કે નહીં તેનો નિર્ણય આગામી ૨૦ મેએ મળનારી ફાઇનાન્સની બેઠકમાં લેવાનારો છે.

વીર નર્મદ યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય ડો. મુકેશ મહિડા જણાવ્યું છે કે, છેલ્લા ૧૦ વર્ષથી અધ્યાપકોને અપાતા વિવિધ ભથ્થામાં કોઈ વધારો કરાયો નથી. આજે પણ યુનિવર્સિટી ૧ કિ.મી.ના પેટ્રોલના આઠ, ડિઝલના સાત અને સીએનજીના સાડા ત્રણ રૂપિયા ચૂકવી રહી છે. જેથી તે ભથ્થા ડબલ થવા ખૂબ જ જરૂરી છે. પીએચડી વાયવા માટે ૫૦૦ રૂપિયા ચૂકવાય રહ્યા છે. જે દુર દુરથી આવતા હોવાથી ભથ્થુ પણ ડબલ થવું ખૂબ

### યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યની રજૂઆતઃ ઉત્તરવહીનું વળતર રૂ. ૧૦થી ૧૫ કરવા માગણી

જરૂરી છે. યુનિવર્સિટીના કાયમી અને કરાર આધારિત કર્મચારીઓના મૃત્યુ બાદ પરિજનોને આર્થિક સહાય આપવા સિન્ડિકેટ સભ્ય ડો. ભાવેશ રબારીએ રજૂઆત કરી હતી. જે ફાઇનાન્સની બેઠકમાં નિર્ણય લેવાયો. જેમાં સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડમાંથી મૃત્યુ પામનારા કર્મચારીઓના વારસદારને રૂ. ૨.૫૦ લાખની સહાય ચૂકવાનો નિર્ણય કર્યો છે.

# માવઠાંના ભયે ખેડૂતોએ તાબડતોબ કાપણી શરૂ કરી

## વાતાવરણમાં પલટો આવવાને કારણે મહામુલા પાકને બચાવવા માટે ખેડૂતો દોડતાં થયાં



મહુવા.તા.૧૭

મહુવા તાલુકાના ખેડૂતો તૌકતે વાવાઝોડાના કહેરમાં વાદળછાયુ વાતાવરણ થતા જ મહામહેનતે તૈયાર થયેલા પાકને નુકસાન ન થાય તે માટે મશીનનો ઉપયોગ કરી ફટાફટ ડાંગરની કાપણી શરૂ કરી દીધી છે. પ્રાપ્ત વિગત મુજબ મહુવા તાલુકામાં હાલ મહામહેનતે ખર્ચો કરી ઉનાળુ ડાંગરના પાકનો ઉછેર કર્યો હતો જેની કાપણીનો સમય હાલ થઈ ગયો છે.અને તે સમયે જ દેશમાં કોરોના મહામારી તો બીજી તરફ તૌકતે વાવાઝોડાની દહેશત ફેલાઈ છે ત્યારે મહુવા તાલુકાના ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. વાદળછાયું વાતાવરણ બનતા ખેતરમાં લહેરાતો તૈયાર ડાંગરનો પાક જોઈ ચિંતાતુર બની ગયા હતા.હાલ મહુવા તાલુકામાં ખેડૂતો માટે ઉનાળુ ડાંગર કાપણી નો સમય ચાલી રહ્યો ત્યારે કોરોના સંક્રમણના ખતરાને લીધે મજૂરો મળવા મુશ્કેલ બની ગયા છે અને એકતરફ વાવાઝોડાની દહેશતના પગલે ઉનાળુ પાક ડાંગરના ઉભેલા પાકને નુકસાન જવાના ડર થી તૈયાર થઈ ગયેલા પાકની ખેડૂતો દ્વારા કાપણી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે મજૂર ના હોવાથી અને વાવાઝોડાના દહેશત થી ખેડૂતો તૈયાર થયેલા ઉભેલા પાકની કાપણી ફટાફટ મશીનના ઉપયોગથી શરૂ કરી દીધી છે.

મજૂરો દ્વારા ડાંગર કાપણી કરાવતા સમય વધુ જાય અને વરસાદ આવી જાય તો ખેડૂતોને નુકશાન જવાની પણ ભીતિ છે જેથી મશીનનો ઉપયોગ કરી ડાંગર કાપણી શરૂ કરી સમય અને પૈસાની પણ બચત કરી છે. જિલ્લામાં શેરડીની ખેતી કરતાં ખેડૂતોને શેરડીનો પાક ભારે પવનમાં ઢળી પડતો અટકાવવા માટે શેરડીમાં હાલ પિયત કરવાનું ટાળવા જણાવાયું છે, કેળાના પાકને મહત્તમ નુકશાન થવાની ભીતિ છે. ત્યારે કેળાની લૂમ આવી ગઈ હોય એવી કેળાને ટેકા આપી મહત્તમ નુકશાન ટાળી શકાય, મગ તેમજ તલ જેવા પાકો પાકવાની અવસ્થાએ હોવાથી કાપણી કરી લીધી હોય તો વ્યવસ્થિત પાક સંગ્રહ કરી લેવો એમ જિલ્લા કૃષિ હવામાન વિભાગ દ્વારા જિલ્લાના ખેડૂતોને સલાહ આપવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકામાં ભારે વરસાદની શકયતા



દેવભૂમિ દ્વારકા,તા.૧૭ : તૌકતે વાવાઝોડા સંદર્ભે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સોમવારથી બુધવાર સુધીના આ સમયગાળામાં આ વિસ્તારમાં વાવાઝોડું ફૂંકાવાની સંભાવના છે. આ દિવસોમાં વાવાઝોડાની ઝડપ વધીને ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી થવાની આગાહી સાથે ભારે વરસાદની પણ પૂરી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં લોકોને હાલાકી ન સર્જાય તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાજોગ એક યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જેમાં જણાવ્યા અનુસાર વાવાઝોડાની પરિસ્થિતિમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, ખાવા-પીવાની વસ્તુઓ, જરૂરી દવાઓ, ફાનસ- ટોર્ચ વિગેરે ચીજ વસ્તુઓ હાથવગી રાખવા તથા વાવાઝોડા દરમિયાન ઘરના બારી-દરવાજા બંધ રાખવા, અગરીયાઓએ સલામત સ્થળે આશરો લેવા, ઝાડ કે જૂના જર્જરિત મકાન અને વીજ થાંભલાઓથી દૂર રહેવા, પૂરગ્રસ્ત વિસ્તારોથી પૂરતું અંતર રાખવા અને સલામત સ્થળે આશરો લેવા અનુરોધ કરાયો છે.

વાવાઝોડાના કઠિન સમયગાળા દરમિયાન રેડિયો-ટીવી, સમાચાર પત્રો મારફતે સાચી માહિતી મેળવતા રહેવા અને સરકારી તંત્રને સહકાર આપી, સુચના મુજબ અનુસાર વધુમાં જણાવાયું છે.

# તાઉ-તે વાવાઝોડાની અસર અમદાવાદમાં અનેક વૃક્ષો ધરાશાયી



## ફાયરબ્રિગેડ એન્ડ ઈમરજન્સીની ટીમને સ્ટેન્ડ ટુ રહેવા સૂચના

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** અમદાવાદ,તા.૧૭

તાઉ- તે વાવાઝોડાની ગતિમાં વધારો જોવા મળી રહ્યો છે. આ વાવાઝોડું ગુજરાતના દરિયાકિનારા તરફ આગળ વધી રહ્યું છે. જેની અસરને કારણે રાજ્યમાં પવન સાથે છૂટો વરસાદ પડી રહ્યો છે. અમદાવાદમાં પવન ફૂંકાવાને કારણે અલગ અલગ વિસ્તારમાં ૨૪ ઝાડ ધરાશાઈ થઈ ગયા છે. ગાર્ડન ડિપાર્ટમેન્ટ દ્વારા ઝાડ ઉઠાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તાઉ-તે વાવાઝોડાને ધ્યાનમાં લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જે ૨૪ કલાક કાર્યરત રહેશે. આ ઉપરાંત ફાયર બ્રિગેડ વિભાગને પણ સ્ટેન્ડ ટુ રહેવા માટેની સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં વાવાઝોડાને લઈ સરકાર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. અને રાજયના તમામ દરિયા કાંઠે **ગઉછી** પણ તૈનાત કરી દીધી છે. તાઉ-તે વાવાઝોડાની ગતિમાં વધારો જોવા મળી રહ્યો છે વાવાઝોડું ગુજરાત તરફ આગળ વધતું જોવા મળી રહ્યું છે. જેથી હવામાન વિભાગે જણાવ્યું છે કે, હાલ વાવાઝોડું વેરાવળથી ૬૬૦ કિલોમીટર દૂર છે. ગુજરાતમાં આગામી ૧૭ અને ૧૮ તારીખે વહેલી સવારે પોરબંદરથી લઈને ભાવનગર મહુવા સુધીના વિસ્તારને ક્રોસ કરશે અને વાવાઝોડાની ગતિ ૧૫૨થી ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની આસપાસ રહેશે. આ વાવાઝોડાની અસર હાલ ગુજરાતમાં જોવા મળી રહી છે. નવસારી, વલસાડ અને સુરત સહિતના વિસ્તારોમાં ભારે પવન સાતે વરસાદ શરૂ થયો છે

વાવઝોડુ ત્રાટકવાની શક્યતાના કારણે શહેરમાં ફાયરબ્રિગેડ એન્ડ ઈમરજન્સીની ટીમને સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે. સ્ટેટ ઈમરજન્સી દ્વારા જ્યારે પણ ફાયર વિભાગની મદદની જરૂર પડશે તો તાત્કાલિક ટીમો રવાના કરવામાં આવશે. ફાયરબ્રિગેડના તમામ કર્મચારીઓની રજા રદ કરી દેવામા આવી છે. જરૂર પડ્યે અમદાવાદ ફાયરબ્રિગેડ તાત્કાલિક મદદે પહોંચવા તમામ રીતે તૈયાર છે.

અમદાવાદમાં બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને વરસાદી છાંટા શરુ થયા હતા. જો કે, બપોર બાદ સાબરમતી, ન્યુ રાણીપ, ચાંદખેડા, મોટેરા, સરખેજ તથા વસ્ત્રાલ સહિતના વિસ્તારમાં છાંટા પડ્યા હતા. વરસાદી છાંટા પડતા દિવસભરના ઉકળાટ બાદ અમદાવાદીઓએ થોડી રાહત અનુભવી હતી. શહેરમાં તાઉ-તે વાવાઝોડાની અસરના પગલે હજુ ૨૦ મે સુધી ભારે વરસાદની આગાહી હવામાન વિભાદ દ્વારા કરવામાં આવી છે.

# અંકલેશ્વર જીઆઈડીસીના ૭૪.૨૪ લાખની ઠગાઈમાં વધુ એક શખ્સ ઝડપાયો

### બોગસ કંપની બનાવીને કરી છેતરપીંડી



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** અંકલેશ્વર,તા.૧૭

અંકલેશ્વર જીઆઈડીસીના ખાતામાંથી ડુપ્લીકેટ ચેક આપી ૭૪.૨૪ લાખની છેતરપિંડી અંગે જી.આઈ.ડી.સી.ના રીજીયોનલ મેનેજર ધવલ વસાવા દ્વારા જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો દૌર શરુ કરતા ગણતરીના દિવસોમાં દાહોદની પી. ગોલ્ડ નામની બનાવતી કંપનીમાં નાણાની ઉચાપત કરનાર દાહોદના બે સગાભાઇ મયુરકુમાર જશવંત પંચાલ, પ્રિતેશકુમાર જશવંત પંચાલની ધરપકડ કરી હતી.

ભેજાબાજો પાસેથી ૫ લાખ પણ રિકવર કર્યા હતા.આ પ્રકરણમાં વધુ એક શખ્સને જીઆઇડીસી પોલીસે મહારાષ્ટ્રથી ઝડપી પાડ્યો છે.જીઆઇડીસી પોલીસે મુંબઈ ખાતેથી આ ચેક કુરિયર કરનાર મનોહર શંકરભાઈ પાટીલ રહેવાસી.પાળ બિલ્ડીંગ મુંબઈની ધરપકડ કરીને જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે વધુ તપાસ હાથ ધરી છે.(૧૪.૪)

# અંકલેશ્વરના યુવા પત્રકાર ભાવિન વસાવા કોરોના સામે જંગ હાર્યા



### કોરોના સંક્રમિત થવાથી હોસ્પિટલમાં જ અંતિમ શ્વાસ લીધા

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** અંકલેશ્વર,તા.૧૭

અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ વિનય વસાવાના નાનાભાઈ યુવા પત્રકાર ભાવિન વસાવા કોરોનાથી સંક્રમિત થયા હતા,અને અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. છેલ્લા ૧૦ દિવસ ઉપરાંતથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.જોકે તા.૧૪મી મે શુક્રવારના રોજ તેમનો જીવ કોરોના સામે હારી ગયો હતો, અને હોસ્પિટલમાં જ અંતિમ શ્વાસ લીધા હતા. ભાવિનના નિધનના પગલે તેમના પરિવારજનો,મિત્રો અને અંકલેશ્વરના પત્રકારોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. છેલ્લા બે વર્ષથી અંકલેશ્વરમાં ઇલેક્ટ્રોનિક મીડિયા સાથે પત્રકારત્વની શરૂઆત કરનાર ભાવિન વસાવાએ મહત્વની ભૂમિકા અદા કરી છે.છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીમાં પત્રકારની સાથે કોરોના વોરિયર્સ તરીકે સેવા બજાવી હતી. ભાવિન તેમની પાછળ માતા-પિતા,ભાઈ-ભાભી,પત્ની અને નાના બાળકને વિલાપ કરતા છોડી ગયા હતા.(૧૪.૨)

# સાયલા તાલુકા વેપારી મહામંડળ દ્વારા મૃત્યુ પામેલા માટે મોક્ષ દાન



### અબોલ જીવોને ઘાસ, ચણ, લાપસી તથા કોવિડ સેન્ટરમાં ફૂટનું વિતરણ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** સાયલા,તા.૧૭

સાયલા તાલુકાના વેપારી મહામંડળ દ્વારા કોરોના કાળમાં મૃત્યુ પામેલા તમામ લોકોને શાંતિ મળે તે હેતુથી વિવિધ પ્રકારની સેવાઓ કરવામાં આવી રહી છે, આ કોરોના કાળમાં દરેક જ્ઞાતિ ના નાના, મોટા વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે તેમની પાછળ સાયલા વેપારી મંડળ દ્વારા સાયલા મહાજન પાંજરાપોળમાં પશુઓને ૫૦૦ મણ ઘાસ નાખવામાં આવ્યું હતું, તથા સાયલામાં આવેલ તમામ ચબુતરા માં ચણ તથા ગામમાં અન્ય અબોલ જીવ માટે લાપશીના રંધાડા મૂકી વેપારી ભાઈઓએ દાન પુણ્યનું કાર્ય કર્યું હતું. મૃત્યુ પામેલા આત્માઓને મોક્ષ મળે તે હેતુથી અને અબોલ જીવોને પણ ચારો મળી રાહે તેવું કાર્ય કરી રહ્યા છે.

તેમજ સાયલા તથા સુદામડા બનાવેલ કોવિડ સેન્ટરમાં વેપારી મહામંડળ દ્વારા ફૂટનું પણ વિતરણ કરવામાં આવ્યું છે. આ તકે વેપારી મંડળના અનેક લોકો ઉપસ્થિત રહી આ દાન પુણ્ય કાર્યમાં જોડાયા હતા.(૧૪.૩)

# જયુબેલી ગાર્ડન ખાતે કંટ્રોલ રૂમની મુલાકાત લેતા મેયર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** તૌકતે વાવાઝોડાના અનુસંધાને મહાનગરપાલિકા દ્વારા જયુબેલી ગાર્ડન ખાતે શરૂ કરેલ કંટ્રોલ રૂમની મુલાકાત મેયર ડો.પ્રદિપ ડવએ લીધી હતી. આ મુલાકાત દરમ્યાન સંબંધિત અધિકારી પાસેથી કંટ્રોલ રૂમમાં ફાળવવામાં આવેલ સ્ટાફ તેમજ મજુરો, સાધન, સામગ્રી, ફરિયાદ બૂક વિગેરેની માહિતી મેળવેલ હતી. કંટ્રોલ રૂમમાં વાવાઝોડા અંતર્ગત કોઈ ફરિયાદ આવે તો ફરિયાદના નિકાલ માટે તુરંત જ કાર્યવાહી કરવા તાકીદ કરી હતી.

# સુખરામનગરની પરિણીતાનું હાર્ટએટેકથી મોત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૭

શહેરનાં હરિધવા મેઈન રોડ પર સુખરામનગરમાં રહેતી ગીતાબા અરવિંદ કાનગડ નામની ૩૨ વર્ષીય આહીર પરિણીતાને છાતીમાં દુ:ખાવો ઉપડ્યા બાદ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જયાં ફરજ પરના તબિબે હાર્ટએટેકથી મોત નિપજયાનું જાહેર કરતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. ભક્તિનગર પોલીસે મૃતદેહ અંગે કાગળો કરી વધુ તપાસ હાથ ધરી છે.

Dt.17-05-2021 8 સોમવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

## રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં ૪૮ કલાક સુધી માલ નહીં લાવવા ખેડૂતો-વેપારીઓ-દલાલોને આદેશ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ.તા.૧૭ તાઉ-તે નામનું વાવાઝોડું ઝડપભેર ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના ડાયરેકટર મનોરમા મોહંતીએ જણાવ્યા પ્રમાણે વાવાઝોડું હાલ વેરાવળથી થોડુ દૂર છે. જે ગુજરાતના દરિયા કિનારે આજે સાંજે પોરબંદરથી લઇને ભાવનગરના મહુવા સુધીના વિસ્તારને ક્રોસ કરશે અને વાવાઝોડાની ગતિ ૧૬૦ કિ.મી. પ્રતિ કલાક કે તેથી વધારે રહી શકે છે. જેના લીધે વહીવટીં તંત્ર એલર્ટ થઇ ગયું છે. અને તંત્ર દ્વારા માર્કેટ યાર્ડ બંધ રાખવા પણ આદેશો કરાયા છે. ભારે પવન સાથે વરસાદની આગાહી હોવાથી વેપારીઓને ખુલ્લા મેદાનમાં પડેલો માલ તાત્કાલિક અસરથી ઉપાડી લેવા લાઉડ સ્પિકરમાં સૂચના અપાઈ છે. અનાજ વિભાગ બંધ પરંતુ શાકભાજી વિભાગ અને ડુંગળી બટેટા વિભાગ રાબેતા મુજબ ચાલુ રહેશે વાવાઝોડા-ભારે વરસાદની આગાહી સામે માર્કેટ યાર્ડ તંત્રને એલર્ટ કરાયું છે.

# રાજકોટ જિલ્લા તંત્ર વાવાઝોડા સામે સાબદું અને સતર્ક, યુધ્ધના ધોરણે પગલા

## આજે બપોરના બે વાગ્યા સુધીમાં જ ભયગ્રસ્ત વિસ્તારોમાંથી ૨૦૦ ટકા લોકોનું સ્થળાંતર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭ સૌરાષ્ટ્રના સાગર કાંઠે ધસમસતા આવી રહેલા તાઉ-તે વાવાઝોડાથી નુકશાન નિવારવા માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાકિદના યુધ્ધના ધોરણે પગલા લેવામાં આવ્યા છે અને અસર ગ્રસ્ત તથા ભય ગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સ્થળાતર કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટર રેમ્યા મોહન અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ બપોરે બે વાગ્યા સુધીમાં જ ૨૦૦ ટકા સ્થળાતર પરીપૂર્ણ કરવામાં આવ્યું છે તેમ કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યું હતું.

## દરીયાકાંઠા વિસ્તારોમાંથી ૧૫૦૦ લોકોનું સ્થળાંતર, કંન્ટ્રોલ રૂમ શરૂ કરાયા

ઉપલેટા, ધોરાજી, જસદણ, ગોંડલ જામકંડોરણા, પડધરી અને રાજકોટના નિચાણ વાળા વિસ્તારોમાં રહેતા લોકો અને ઝુપડા તથા કાચા મકાનોમાં રહેતા લોકોનું ઝડપ ભેર સ્થળાતર કરવામાં આવ્યું છે અને સુરક્ષીત જગ્યાએ લઇ જવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૫૦૦ લોકોનું સ્થળાતર કરી દેવામાં આવ્યું છે. વાવાઝોડાથી મકાનો અને જાહેર સ્થળોને શકય તેટલુ ઓછુ અથવા નહીવત નુકશાન થાય એ માટે વહીવટી તંત્ર સર્તક છે અને અગમ ચેતીના પગલા લેવામાં આવી રહયા છે. આ માટે તાલુકા અને ગ્રામ્ય કક્ષા સુધી રાહત અને બચાવની કામગીરીન

## પરિસ્થિતિ પર ચાપતી નજર રાખી રહેલા જિલ્લા કલેકટર રેમ્યા મોહન સહિતના અધિકારીઓ

તખ્તો ગોઠવાઇ ગયો છે.

કલેકટરના આદેશથી જેતપુર શહેર અને જસદણમાં એસડીઆરએફની ત્રણ ટીમ તૈનાત કરી દેવામાં આવી છે. એ જ પ્રકારે ગોંડલ અને ધોરાજીમાં રાહત તથા બચાવ કામગીરી માટે એનડીઆરએફની બે ટીમ સજ્જ રાખવામાં આવી છે. તદ્ઉપરાંત વન વિભાગની ૧૪ ટીમ તૈનાત કરી દેવામાં આવી છે. જિલ્લા કક્ષાએ અને તાલુકાઓમાં કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. જયાંથી તંત્રને પળેપળની માહિતી મળશે અને તાકિદે મદદ મોકલવામાં આવશે.

જિલ્લા કલેકટરે તમામ તલાતીઓને સાવધ રહેવા માટે આદેશ આપ્યો છે. દર બે કલાકે એમના વિસ્તારની પરિસ્થિતિ અંગે જિલ્લા તંત્રને જાણકારી આપતા રહેવાની સુચના આપવામાં આવી છે. આ રીતે વાવાઝોડા સામે વહીવટી તંત્ર સજ્જ થઇ ગયું છે અને તમામ તૈયારીઓને આખરી હોપ આપવામાં આવ્યો છે.

# કોરોનાના કપરા કાળમાં નર્સીંગ સ્ટાફ અને લેબ કર્મચારીઓનું આંદોલન યથાવત

### ૧૯મી થી અચોક્કસ મુદતની હડતાલ શરૂ કરવા નર્સોની ચેતવણી, લેબ ટેકનિસીયન સ્ટાફ આજથી અચોક્કસ મુદતની હડતાલ પર, નર્સીંગ સ્ટાફના પડતર પ્રશ્નોનો કોઈ ઉકેલ ન આવતા વિરોધ યથાવત



(તસવીરઃ પંકજ ડાભી)

## સિવિલ હોસ્પિટલ પ્રાંગણમાં નર્સીંગ સ્ટાફના ઉગ્ર દેખાવો અને સુત્રોચ્ચાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭ યુનાઈટેડ નર્સ ફોરમના નેજા હેઠળ વિવિધ પડતળ પ્રશ્નો અંગે પ્રતિક હડતાળ આંદોલન ચલાવી રહેલા રાજકોટ સિવિલ હોસ્પિટલના નર્સીંગ સ્ટાફ અને લેબ ટેકનિસીયન કર્મચારીઓએ આગામી દિવસોમાં એમના પ્રશ્નોનું નિરાકરણ ન આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી ઉચ્ચારી છે.

યુનાઈટેડ નર્સ ફોરમ દ્વારા રાજય સરકારને આજે લેખીક રજૂઆત કરવામાં આવી હતી અને દર્શાવવામાં આવ્યું હતું કે, નર્સીંગ પરીવારની સતત રજૂઆતો પછી પણ અને પ્રતિક હડતાલ છતાં પ્રશ્નોનું કોઇ નિરાકરણ આવ્યું નથી. નર્સીંગ સ્ટાફના પ્રશ્નો અંગે સરકાર નિર્ણય નહીં લે તો તા.૧૯મી મેથી સમગ્ર રાજયનું નર્સીંગ સ્ટાફ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જશે. ફોરમના પ્રમુખ દિપકમલ વ્યાસ અને મંત્રી દેવીબેન દાફડા સહિતના નર્સીંગ સ્ટાફ ફોરમના આગેવાનોએ સરકારને રજૂઆત કરી છે કે, નર્સ પરીવાર રાત-દિવસ કોરોના ગ્રસ્ત દર્દીઓની સારવારમાં વ્યસ્ત છે સ્ટાફ માહેના ધણાએ જીવ પણ ગુમાવ્યો છે. પરીવારને ભુલીને એક વર્ષથી સતત ફરજ બજાવે છે. રેસીડેન્ટ ડોકટરોએ હડતાલ પાડતા એમના સ્ટાઇ પેન્ડમાં રાતો રાત ૪૦ ટકાનો વધારો કરી દેવાયો છે. પણ નર્સોની સતત ઉપેક્ષા કરવામાં આવી રહી છે. ફોરમે માંગણી કરી છે કે, કેન્દ્રના ધોરણે તમામ ભથ્થા અને ગ્રેડ પે આપવામાં આવે. રાજય સરકારે નર્સીંગને પેરામેડિકલ સાથે સરખાવવું ન જોઇએ. નર્સ સ્ટાફ હોસ્પિટલમાં દિવસ-રાત સેવા આપે છે એ કામગીરી પેરામેડિક ન કરી શકે. એટલે ગ્રેડ પેનો આ તફાવત દૂર થવો જોઇએ. નર્સીંગ સ્ટાફને એન્ટ્રી લેવલ ગ્રેડ પે રૂ.૪૨૦૦ કરવા, બંધ કરેલ નર્સીંગ એલાઉન્સ ચાલુ કરવા તેમણે માંગણી કરી છે.

નર્સીંગ સ્ટૂડન્સ સ્ટાઇ પેન્ડમાં પણ વધારો કરવામાં આવ્યો નથી. હાયર સ્કેપ પે સહિતના પડતળ પ્રશ્નો અંગે પણ તેમણે રજૂઆતો કરી છે. અલગ નર્સીંગ સેલ બનાવવા પણ તેમણે માંગણી કરી છે. જો તા.૧૮ સુધીમાં પ્રશ્નોનું નિરાકરણ ન થાય તો તા.૧૯ મે બુધવારથી અચોક્કસ મુદતની હડતાલ પાડવાની તેમણે ચિંમકી ઉચ્ચારી હતી.

એ જ રીતે રાજકોટસિવિલના વિવિધ વિભાગમાં ફરજ બજાવતા લેબ ટેકનિસીયન અને લેબ આસીસ્ટન્ટ પણ પડતર માંગણી અંગે આંદોલન ઉગ્ર બનાવવાની પણ વેતરણમાં છે. તેમણે રજૂઆત કરી છે કે, સીધી ભરતી બાદ નિમણુંક થયા છતાં તેમને કાયમી નિમણુંક હજુ ૮ વર્ષ બાદ પણ આપવામાં આવી નથી. કોરોના મહામારીમાં રાત-દિવસ કામગીરી કરી રહેલા આ કર્મચારીઓની રજૂઆતોનો સરકારે જવાબ આપ્યો નથી. તા.૧૭મી મેથી અચોક્કસ મુદતની હડતાલ પર જવાની એમણે ચેતવણી આપી છે.

# સંભવિત વાવાઝોડાનાં પગલે શહેર પોલીસનાં 3000 કર્મચારી ખડેપગે

### કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી અગામી ૪૮ કલાક પોતાના ઘરે નહીં જાય અને પ્રજાની સેવામાં રહેશેઃ પોલીસ કમિશનર



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ, તા.૧૭ ગુજરાતમાં વાવાઝોડું તૌક્તે નો ખતરો સંભવિત હોય જેના પગલે તંત્ર એલર્ટ કરી દેવામાં આવ્યું છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે હુકમ કરી સુચના કરી છે કે આગામી ૪૮ કલાક સંભવિત વાવાઝોડાનો ખતરો હોવાથી લોકોને ગઈ કાલથી પરમ દિવસ બપોર સુધી ઘરની બહાર ન નિકળવા અને જરૂરી સાધન સામગ્રી ઘરમાં રાખવા તથા કાચના બારી દરવાજા બંધ રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. સાથે-સાથે પોલીસ વિભાગનાં 3000 કર્મચારીઓ, અધિકારીઓ આ સંભવિત વાવાઝોડાનાં કારણે આગામી ૪૮ કલાક કોપી પોતાના ઘરે નહીં જાય અને લોકોની સેવામાં ખડેપગે રહેશે. તેવો હુકમ શહેર પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવ્યો છે.

## રાજકોટમાં કોરોનાથી ૨૭નાં મોત અને બપોર સુધીમાં માત્ર ૪૦ કેસ

**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

## મુખ્યમંત્રી રૂપાણીની હૈયાધારણા, વાવાઝોડાના સામના માટે સરકાર તૈયાર

### કાચા મકાનોમાં રહેનારા તમામનું સ્થળાંતર કરી દેવાયું, દરીયા કાંઠાના લોકોને ઘરની બહાર ન નીકળવા મુખ્યમંત્રીની અપીલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વાવાઝોડાના મહાસંકટ અંગે આજે કેબીનેટની ખાસ બેઠક બોલાવી હતી. જેમાં વાવાઝોડાની તૈયારીઓની સઘન સમીક્ષા કરવામાં આવી હતી અને દરીયા કાંઠાના તમામ જિલ્લા વહીવટી તંત્રને એકદમ સાવધ રહેવા અને જરૂરી તમામ આગોતરા પગલા લેવા આદેશ આપવામાં

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭ આજે મધરાત સુધીમાં પોરબંદરથી દિવ વચ્ચેના સાગર કાંઠે વાવાઝોડી તાઉ-તે પૂરી પ્રચંડ તાકાત સાથે ત્રાટકવાની શકયતા વચ્ચે આજે દિવસભર સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતના વાતાવરણમાં ચક્રવાતની અસરથી પલટો આવ્યો હતો. રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, દિવ સહિતના સૌરાષ્ટ્ર-કચ્છના અનેક શહેરોમાં ગઇકાલથી તોફાની પવન શરૂ થયો હતો અને ઠેરઠેર ભારે વરસાદ પડી રહયાના વાવડ મળ્યા છે. આજે દિવસ દરમ્યાન સુર્યનારાયણ વાદળોની પાછળ ગાયબ રહયા હતા. ઝંઝાવાતની પૂર્વતર અસરથી ઠેરઠેર વદાળો છવાયા હતા. સૌરાષ્ટ્રના અમુક શહેરો અને દક્ષિણ ગુજરાતના કેટલાક શહેરોમાં વરસાદ પડયો છે. અડધાથી એક ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલો મળ્યા છે.

**તોફાની પવન ફુંકાવા સાથે રાજયભરમાં મૌસમનો મિજાજ પલ્ટાયો, અનેક સ્થળે વૃક્ષો અને વિજ થાંભલા પડી ગયાના અહેવાલો, દરીયાકાંઠાના વિસ્તારોમાં ગઇકાલથી ઝંઝાવાતી પવન સાથે વરસાદ, લોકોને ભરતીના મોજાથી બચવા કાંઠા પર હેરફેર ન કરવા અપીલ**

રાજકોટવાસીઓએ ગઇકાલે થોડીક સેંકડો સુધી વાવાઝોડાના ટ્રેઇલરનો અનુભવ કર્યો હતો. મોડી સાંજે અંધારૂ થતા જ થોડી સેંકડ ઝંઝાવાતી પવન ફુંકાયો હતો અને ધુળની ડમરીઓ ઉડવા લાગી હતી. મકાનોના બારી, દરવાજા ખળભળી ઉઠયા હતા. જો કે આંધીની આ અસર થોડી સેંકડો રહી હતી છતાં તેની અસરથી ગભરાયેલા લોકો ઘરોમાં પુરાઇ ગયા હતા. કેટલાક સ્થળે ઝુંપડાને નુકશાન થયાનું અને છાપરા ઉડી ગયાના વાવડ છે પણ સદ્નસીબે કોઇને ઇજા થઇ નથી. અમુક સ્થળે વૃક્ષો વાંકા વળી ગયાના અથવા ધરાસાઇ થયાના અહેવાલો મળ્યા હતા. ૧૦ મીનીટ સુધી મહાનગરમાં બત્તી પણ ગુલ થઇ ગઇ હતી.

આજે રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના દરીયા કાંઠાના વિસ્તારોમાં કાંઠા પરથી અને નીચાણવાળા વિસ્તારોમાંથી સેંકડો લોકોની સ્થળાતર કરવામાં આવ્યું છે અને સુરક્ષીત સ્થળે લઇ જવામાં આવ્યા છે. લોકોને આજે ખાસ સાવધ રહેવા મનપા તંત્ર અને જિલ્લા કલેકટર

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટમાં મ્યુ. કમિશનર ઉદિત અગ્રવાલ સહિતના અધિકારીઓ ફિલ્ડમાં ખડેપગે

### વાવાઝોડાથી લોકોને બચાવવા તાકિદના પગલા : ૧૦૮૦ લોકોનું શહેરમાં સ્થળાંતર, મનપા દ્વારા જયુબેલી ગાર્ડન અને ફાયર બ્રીગેડ ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ



### નદી કાંઠાના લોકોને શાળાઓમાં આશરો અપાયો, લોકોને ઘરની બહાર ન નીકળવા મેયર સહિતના પદાધિકારીઓની અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭ રાજકોટ શહેરમાં તાઉ-તે વાવાઝોડાની સંભવિત અસરો સામે મનપા તંત્ર દ્વારા તાકિદના ધોરણે રાહત અને બચાવના આવશ્યક પગલા લેવામાં આવ્યા છે. આગોતરી પુરી તૈયારીઓની સાથે આકસ્માતો ન થાય અને કોઇ નુકશાન કે હાની ન થાય એ માટે મ્યુ. કમિશનર ઉદિત અગ્રવાલ સહિતના અધિકારીઓ, મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર ડો. દર્શીતાબેન શાહ, સ્ટે. ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મનપા શાસક પક્ષના નેતા વિનુભાઇ ધવા અને દંડક સુરેન્દ્રસિંહ વાળા વગેરે ફિલ્ડમાં ખડે પગે રહીને તૈયારીઓને આખરી રૂપ આપી રહયા છે અને માર્ગદર્શન આપી રહયા છે. તાઉ-તે વાવાઝોડાને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા જયુબેલી ગાર્ડનમાં અને ફાયર બ્રીગેડ કચેરી ખાતે કન્ટ્રોલ રૂમ કાર્યરત કરી દેવામાં આવ્યા છે. શહેરીજનોને આજે અને આવતીકાલે જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા પદાધિકારીઓએ અપીલ કરી છે.

મ્યુ. કમિશનર અગ્રવાલે જણાવ્યું હતું કે, ત્રણેય ઝોનમાં નાયબ કમિશનરો દ્વારા વોર્ડ ઓફિસર, વોર્ડ એન્જીનીયર, ટેક્ષ ઓફિસર અને સેનીટરી ઇન્સપેટર ઉપરાંત ફાયર ટીપી અને એસટેટ આરોગ્ય પ્રોજેકટ તથા ગાર્ડન શાખાઓ તથા સ્ટાફ દ્વારા તમામ વોર્ડમાં રાઉન્ડ ધ કલોક નિરીક્ષણ ચાલી રહયું છે. એમણે કહયું હતું કે, ૨૧૦ પરીવારોના ૧૦૮૦ લોકોનું સ્થળાંતર કરી દેવાયું છે. એમના માટે જમવાની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તમામ માટે જમવાની વ્યવસ્થા કરાઇ છે.

અગ્રવાલે જણાવ્યું હતું કે, શહેરમાંથી ભય જનક ગણાતા ૭૦૨૭ જેટલા અલગ-અલગ સાઇઝના બોર્ડ ઉતારી લેવામાં આવ્યા છે. મનપા વિસ્તાર ઉપરાંત રૂડા વિસ્તારમાં બાંધકામ સાઇટ પર શ્રમિકોની સલામતી માટે તકેદારીના પગલા લેવાયા છે. આઇવે પ્રોજેકટના કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર પરથી શહેરની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. જયાં જરૂર પડે ત્યાં મદદ મોકલવામાં આવશે. જયુબેલી ગાર્ડન ખાતે હેલ્પલાઇન નંબર ૦૨૮૧-૨૨૨૫૭૦૭ અને ૨૨૨૮૭૪૧ તેમજ ફાયર વિભાગમાં ફોન નંબર ૦૨૮૧-૨૨૨૭૨૨૨ કાર્યરત કરાયા છે. ત્યાં નોંધાતી ફરીયાદોનો ત્વરીત નિકાલ કરવા આદેશ અપાયો છે.

મ્યુ. કમિશનરે ઉમેર્યુ હતું કે, આવી વિકટ સ્થિતિમાં પીવાના પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટની સેવાઓને અસર ન થાય ઉપરાંત ભારે પવનથી કોઇ પણ અકસ્માત થાય તો તાત્કાલીક આવશ્યક રાહત અને બચાવના

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner :: GADHAVI ASHOK MULUBHA, Place of Publication :: SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.